Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

देवं श्रेणिकवत्प्रपूजय गुरुं वंदस्व गोविंदवत् ।
दानं शील तपः प्रसंगसुभगां चाभ्यस्य सद्भावना ॥
श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा ।
धर्म्ये कर्मणि कामदेववदहो चेतश्चिरं स्थापय ॥ १ ॥

પુસ્તક ૩૪ મું.] ફાલ્ગુન-સંવત ૧૯૭૫. વીર સંવત-૨૪૪૫. [અંક ૧૨ મો.

## श्री हेमचंद्राचार्य स्तुति.

( ગીતિ. )

શ્રીમદ્ સદ્ગુરૂ સ્તવીએ, કળીકાળસર્વજ્ઞ સિદ્ધ વાચા;
સર્વ તત્ત્વના વેત્તા, હેમચંદ્ર સૂરીશ્વરજી સાચા. ૧

કનક પરે નિત્ય અધિકા, વાને વધતા જ્ઞાન ક્રિયા કરતા;
સમ્યગ્ પરિણતિ ધરતા, અનેક ભવ્યો તારી ભવ તરતા. ૨

હતા કોયલા જે તે, થયું હેમ પ્રત્યક્ષ ચરણ અડતાં;
ચમત્કારી બહુ એવા, ચરિત્ર ગ્રંથ મળે દ્રષ્ટિ કરતાં. ૩

ચંદ્ર સમાન સૌમ્યતા, શીતલકારી ત્રિતાપ-દૂર કરે;
ગુણનિષ્પન્ન સુનામે, શ્રદ્ધાળુ આત્મા કલ્યાણ વરે. ૪

તેહ મહાત્માકેરો, જન્મ દિવસ ને સુર પણ માન્ય કરે;
ગુણ ગ્રામે કરી ઉજવે, સુજનો દેવદિવાળી ચિત્ત ધરે. ૫

તે આજે આ આવી, પન્હોતી કાર્તિક શુકલ પૂર્ણિમા જે;
સત્કાર્યો કરી અથવા, તે સદ્ગુરૂ ગુણ ગાવા મળી સાજે. ૬

શ્રેષ્ઠ દિવસ આ મ્હોટો, દ્રાવિડ વારિખિલ્લજી દશ કોટી;
સિધ્યા સિદ્ધગિરિ શિખરે, યાત્રા વિધિથી ફળે આશ મ્હોટી. ૭

નરનારી પુન્યવંતા, મળી સત્યપ્રેમે ગુરૂ ગુણરાગે;
સફળ કરે સુસમય તે, કરી સુકૃત કરણી શુભમતિ જાગે. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### " બતાદે સખી કૌન ગલી૦ " એ રાગ

સ્તવન સ્તવું એ સદ્ગુરૂ શિરદાર, વંદું હું વારંવાર. સ્તવન સ્તવું એ૦ ટેક
શ્રીમદ્ હેમચંદ્રઆચાર્યજી, પંડિત પ્રવર વિચાર. સ્તવ૦ ૧
નૈસર્ગિક ગુણ વાધે પરમ ગુરૂ, વિદ્યાતણો વિસ્તાર. સ્તવ૦ ૨
ષટ્ દર્શન તત્વોને જાણ્યા, સુબુદ્ધિના ભંડાર. સ્તવ૦ ૩
અનેકાન્ત સ્યાદ્વાદ પ્રરૂપક, જિન આણા શિર ધાર. સ્તવ૦ ૪
મિથ્યાતમ પટ હરણ દિનેશ્વર, જ્ઞાનોદ્યોત કરનાર. સ્તવ૦ ૫
જેહ જૈનશાસન સુપ્રભાવક, કવિવર શ્રેષ્ઠ અપાર. સ્તવ૦ ૬
સાડા ત્રણ ક્રોડ કાવ્યો કરી, કીધો પરમ ઉપકાર. સ્તવ૦ ૭
શિષ્ય થયા સદ્ભાવે જેહના, પ્રગટ્યાં પુન્ય અપાર, સ્તવ૦ ૮
અણહિલપુર પાટણ નરપતિને, પ્રતિબોધ્યો સુખકાર સ્તવ૦ ૯

### " ભેરવી-ત્રિતાળ "

ધન્ય ધન્ય અવતાર, રૂચિ છે રૂડી હું જાઉં બલિહાર. ( ટેક )
કુમારપાલ ભૂપાળ કૃપાળુ, ક્ષમા શૌર્ય ભંડાર. રૂચિ૦ ૧
દેશ અઢાર સ્વરાજ્ય વિષે તે, પટહ પળાવે અમાર. રૂચિ૦ ૨
ગુરૂ અપમાન સહે નહિ ટેકથી, બોલ્યું પાલણહાર. રૂચિ૦ ૩
ધન્ય તેહ ક્ષત્રીય શ્રાવકને, ક્ષાત્ર તેજ ધરનાર. રૂચિ૦ ૪
ગુરૂ પસાયથી એ ગુણ પામી, થયા એક અવતાર. રૂચિ૦ ૫
ધન્ય ધન્ય એ સુગુરૂ સુશિષ્યને, પ્રણમું વિનય ધરી સાર. રૂચિ૦ ૬
જૈનસેવક સદ્ગુરૂની ભક્તિ, દે શિવફળ શ્રીકાર. રૂચિ૦ ૭
વિશુદ્ધ ભાવ કર્પૂર પ્રસરતાં, આનંદ જય જયકાર. રૂચિ૦ ૮

જૈન સેવક-ગીરધર હેમચંદ
પાટણ.

—o—

॥ ॐ अर्हँ नमस्तत्त्वज्ञाय ॥

## લોકરૂઢી હેય પદ્ય.

### ગીતી-લાવણી.

વીરજિનેશ્વર વ્હાલા, વીતરાગ પ્રભુ ધર્મ માર્ગ આપો;
અપાર કુમતિ કુકૃત્યો, લોકરૂઢીથી થતાં કષ્ટ કાપો. ૧

### ભેરવી-દાદરો.

લોક રૂઢી આવી ? તે ક્યાં પેસી ગઇ ?, જોતાં જણાય દશા બૂરી થઇ- લોક રૂઢી૦ ટેક.
જન્મ દિવસ તો કોઇ ન જાણે, મરણ દાંડાની રીત પ્રસરી ગઇ. લો૦ જો૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળ લગ્ન કરી રાજી થાવું, નીતિ વચન બધાં વીસરી જઇ. લો૦ જો૦ ૨
વૃદ્ધ વિવાહ કરી મલકાતા, નિશ્ચય બુદ્ધિ નાશી ગઇ. લો૦ જો૦ ૩
કુળવંતીને ફેદના જેવી, એહદ રીત મુંઝાવે જઇ. લો૦ જો૦ ૪
રડવા કુટવામાં જોર કાઢી, માન મળ્યું એમ માને કઇ. લો૦ જો૦ ૫
પુરૂષ પતિ હું એ અભિમાને, પીડે અતિ કુળવધુને કઇ. લો૦ જો૦ ૬
મિથ્યા અભિમાની માનિની પણ, પજવે પતિને વિરૂપ થઇ. લો૦ જો૦ ૭
સાસુ જાણે થઇ હું રાણી, આવી વહુ તે દાસી થઇ. લો૦ જો૦ ૮
ગજા વગર ફેશનમાં ડુબ્યા, પરદેશીને સર્વસ્વ દઇ. લો૦ જો૦ ૯
વિદેશી વસ્તુ અશુદ્ધ તોપણ, હોંશથી લ્યે મોંઘાં મૂલ્ય દઇ. લો૦ જો૦ ૧૦
સ્વદેશી વસ્તુ શુદ્ધ ને સસ્તી, છતાં અનાદર થાતો સહી. લો૦ જો૦ ૧૧
મૂળનાયક જિનવર કલ્યાણક, કયારે તે જાણે વિરલ કઇ. લો૦ જો૦ ૧૨
ચૈત્યપ્રવેશ કે સ્થાપન દિન જેમ, કલ્યાણક ઉજવે (કોણ) દક્ષ થઈ. લો૦ જો૦ ૧૩
લોકનું રંજન થાય તે થાતું, જિન આણાનો વિચાર નહીં. લો૦ જો૦ ૧૪
ચેતો હવે તો ચેતો ચતુર થઇ, લક્ષ્ય આપો પ્રભુ ચરણે જઇ. લો૦ જો૦ ૧૫

જૈન સેવક—ગીરધર હેમચંદ
પાટણ.

---

# उपदेशक पद.

( રાગ-કાફી. )

ભજો ભગવાન, તજી સબ મિથ્યા આળ પંપાળ;—
ધિક્ ધિક્ સુખ સાહિબીમાંહે, ઉચર્યા નહિ કંગાળ;
દુઃખમાં પણ નહિ નાથ નિરંજન, નામની જપી જપમાળ;
રડે કર દેઇ કપાળ. ... ... ... ... ... ભજો૦ ૧
જોબન વય ચાલી ગઇ તનથી, શિરે થયા ઉજ્વળ વાળ;
તોપણ મોહ મમત્વ માયાને, છોડી નહિં જંજાળ;
અનાદિની ટેવ એ ટાળ. ... ... ... ... ... ભજો૦ ૨
પંચેંદ્રિય આધીન અવિવેકે, ગુમાવ્યો બહુ કાળ;
તૃષ્ણા તૃપ્ત થઇ નહિ મનની, તત્ત્વવૃત્તિએ નિહાળ;
અસ્થિર સંસારની ઝાળ. ... ... ... ... ભજો૦ ૩
ઘાટ ઘડે કેઇ જાતના ઘટમાં, જોતાં જગ ઘટમાળ;
જન્મ જનાવર જેમ વિતાવે, સમર્યા ન દિનદયાળ;
ફરે શિર નિરખો કાળ. ... ... ... ... ... ભજો૦ ૪
નીપજે નહિ ધાર્યું વસુધામાં. અજ્ઞાને કોઇ કાળ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિત અહિત સુખ દુઃખ ચિન્તાની, દૂર થવા સબ ફાળ;
ફરજ સમ ભાવે પાળ. ... ... ... ... ભજો૦ ૫
ન્યાય પંથ ધરવા સમ દ્રષ્ટિ, કુમતિ કદાગ્રહ બાળ;
ક્રોધાદિક કષાય નિવારવા, ચિત્ત ચપળતા ટાળ;
રહો ન અજ્ઞાની રીસાળ. ... ... ... ... ભજો૦ ૬
જેમ ઝાંઝવાના જળ ઉપર, મૃગલા ભરતા ફાળ;
તેમ અજ્ઞાની જનો જગમાંહે, સુખની કરે સંભાળ;
નિરાશ થવાના નિહાળ. ... ... ... ... ભજો૦ ૭
નાથ ચરિત્ર નિહાળી સમરતાં, મુદ્રા શાન્ત નિહાળ;
દુર્લભ નરભવ એહ પિતાને, પંથે ચડી અજવાળ;
મિટે તપ દુઃખ અસરાળ. ... ... ... ... ભજો૦ ૮

**દુર્લભજી વિ૦ ગુલાબચંદ. મહેતા.**

# भक्तामर अने कल्याणमंदिर.

( અનુસંધાન પૃષ્ટ ૧૭૭ થી )

આ ઉપરથી કલ્યાણમંદિરની તેમજ ભક્તામરની સામાન્ય રચનાનો ખ્યાલ આવ્યો હશે. બન્ને સ્તોત્રના આરંભમાં શ્રી સર્વજ્ઞ અસંખ્ય ગુણાકર તીર્થંકરની ગુણગણના કરવાનો પ્રયાસ કેમ થઇ શકે ? એવો સ્વાભાવિક મનઃસંકોચ બન્ને કવિઓ અનુભવે છે. તે છતાં પણ જેવું આવડે તેવું બાળપ્રજલ્પિત લખી નાખવાનો નિશ્ચય કરે છે. ત્યારબાદ સ્તુત્યાત્મક તેમજ કાવ્યચમત્કૃતિથી ભરેલા એક પછી એક શ્લોકો કવિલેખિનીમાંથી ઉદ્દભવતા જાય છે. કલ્યાણમંદિરમાં જુદી જુદી રીતે પ્રભુના ગુણોની સ્તુતિ કરતાં કરતાં સમવસરણસ્થ ભગવાનની સમૃદ્ધિ–આઠ પ્રાતિહાર્યનું વર્ણન કવિ કરે છે. આવા સર્વજ્ઞ પુરૂષોત્તમ પ્રભુની સ્તુતિ કરતાં પોતે અત્યારસુધી તેમની અવગણના કરી એવો ખ્યાલ કવિહૃદયમાં સહજ સ્ફુરી આવે છે અને આત્મનિન્દાત્મક શ્લોક પ્રસવ પામે છે. ત્રિલોકના નાથનું ચિન્તન ન કર્યું, મનન ન કર્યું, દર્શન ન કર્યું, શ્રવણ ન કર્યું–આના જેવી બીજી શી મૂર્ખાઈ હોઇ શકે ? આવી ગ્લાનિ કવિહૃદયમાં જન્મે છે અને સાહજિકતાંથી ભરેલા સુન્દર શ્લોકોમાં તે મૂર્તિમન્ત બને છે. છેવટે પ્રભુ એકજ શરણ છે અને તે બચાવે તોજ બચી શકાય તેમ છે–આમ કહી પ્રભુચરણનું કવિ શરણ સ્વીકારે છે.

ભક્તામરના આરંભમાં તો કલ્યાણમંદિરનું અનુકરણ સુસ્પષ્ટ છે. કલ્યાણમંદિરને પોતાની સામે રાખીને ભક્તામરની રચના આરંભવામાં આવી હોય એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગે છે. કલ્યાણમંદિરના પહેલા આઠ શ્લોકોમાં જે જે વિચારોનું પ્રતિપાદન આવે છે તેજ વિચારો ભક્તામરના અનુક્રમે ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૯ તથા ૭ મા શ્લોકમાં લગભગ અક્ષરશઃ દષ્ટિગત થાય છે. કલ્યાણમંદિરનો ૧૭ મો શ્લોક અને ભક્તામરનો ૧૦ મો શ્લોક સમાનાર્થ પ્રતિપાદક છે. ફેર માત્ર વસ્તુસમર્થન અર્થે આપેલાં દષ્ટાન્તોમાં છે અને ત્યાં પણ કલ્યાણમંદિરનું અનુકરણ હોઇને ભક્તામરની કલ્પનાઓ કલ્યાણમંદિરથી ઉતરતી જણાય છે. જ્યાંસુધી માનતુંગાચાર્ય સિદ્ધસેન દિવાકરના ચીલે ચાલે છે ત્યાંસુધી બહુ મજા આવતી નથી, પણ જ્યાંથી પોતાના માર્ગે પ્રવાસ આરંભાય છે ત્યાંથી ખરો રસ જામવા માંડે છે. ભક્તામરમાં જે ભક્તિપ્રાબલ્ય જોવામાં આવે છે તે કલ્યાણમંદિરમાં નથી. માનતુંગાચાર્યનું હૃદય ભક્તિરસથી છલોછલ ભરાયલું છે અને પ્રત્યેક શ્લોક તે તેના અન્તરના જ ઉભરા છે અને આમ છતાં પણ કવિહૃદય શ્લોકમાં જોઇએ તેવું ઠાલવી શકાતું નથી. આ ભક્તામરના કોઇ પણ વાંચકને સહજ ગોચર થાય તેવું છે. દુનિયાની જુદી જુદી સુન્દર વસ્તુઓ સાથે તેમજ લોકસમૂહના સંમાનનીય મહાપુરૂષો તેમજ દેવો સાથે સરખામણી કરતાં અનુપમેય જણાતા શ્રી સર્વજ્ઞ પ્રભુને છવીશમા શ્લોકમાં કવિ પૂર્ણ ભક્તિભાવે વંદન કરે છે અને ત્યારબાદ તેમની સમવસરણ આદિની સમૃદ્ધિ તેમજ તેમના સ્મરણનો અને ગુણકીર્તનનો અપાર મહિમા બહુ સુન્દર શ્લોકોમાં વર્ણવીને કવિ વિરમે છે.

બન્ને સ્તોત્રો બહુ પ્રાસાદિક છે, છતાં પણ પ્રત્યેકની વિશિષ્ટતા ભિન્ન ભિન્ન ગુણોને અવલંબીને રહેલી છે. એક અમુક બાબતમાં ચઢિયાતું છે તો બીજું બીજી બાબતમાં ચઢિયાતું છે—આ રીતે બન્નેની સરખામણીને પૂરો અવકાશ રહે છે.

કલ્યાણમંદિરમાં ભાષા ભકતામર કરતાં વધારે સાદી અને સરલ છે. કલ્યાણમંદિરના શ્લોકો સમજવા સહેલા છે, છતાં અર્થગાંભીર્યમાં ચઢી જાય તેવા છે. ભક્તામરકારને અનુપ્રાસાલંકારનો બહુ શોખ જણાય છે; શબ્દની ચિત્રવિચિત્ર રચનાને તેમાં પ્રાધાન્ય મળ્યું છે અને તેથી સંગીતના વિષયમાં ભક્તામર ચઢે તેમ છે. શબ્દોની રમકઝમક, મોટા સમાસો અને અનુપ્રાસવ્યાપકતા ભક્તામરમાં વિશિષ્ટપણે વિરાજે છે. કોઇ કોઇ ઠેકાણે તેજ અનુપ્રાસ કાનને કઠોર પણ લાગે છે. દાખલા તરીકે—

नात्यद्भुतं भुवनभूषण भूतनाथ, भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः ।
तुल्या भवन्ति भवतो ननु तेन किंवा, भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥१०॥

भक्तामर.

અહિં જ્યાં ત્યાં 'भ' ઉપર બહુ ભાર છે અને તેથી કર્ણને કઠોર લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો સરખામણી કરીએ તો કલ્યાણમંદિરકારની ભાષા કાળીદાસને મળતી આવે છે; ભક્તામરકારની ભાષા ભવભૂતિને મળતી આવે છે; એકની ભાષા મંદમંદ વહેતા નિર્મળ ઝરણા જેવી છે; અન્યની ભાષા ' નાયગરા ' ના ધોધ જેવી છે. કલ્યાણમંદિરનો દરેક શ્લોક પોતાથી પૂર્ણ છે; ભક્તામરનો એક શ્લોક ક્રમસર અન્ય શ્લોકની અપેક્ષા રાખતો જણાય છે.

કલ્યાણમંદિર કવિતાપ્રધાન કાવ્ય છે; ભક્તિ ગૌણરૂપે રહેલી છે. ભકતામર ભક્તિપ્રધાન કાવ્ય છે; કવિતા ગાૈણરૂપે રહેલી છે. કલ્યાણમંદિરમાં ભક્તિનો આવેગ કે ઉલ્લાસ નથી, માત્ર તીર્થંકરની સ્તુતિ તથા પ્રશંસા છે. ભક્તામરના પદે પદે ભક્તિભાવ ઉછળી રહેલો નજરે પડે છે; એટલુંજ નહિ પણ કર્તા પોતાની સાથે વાંચકને ખેંચી જાય છે. એવો કોઈ પણ વાંચક નહિ હોય કે જે ભક્તામર આરંભથી વાંચતાં વાંચતાં **तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ ।** ઇત્યાદિ આગળ કવિ સાથે વાંચકે પણ પોતાનું માથું નહિ નમાવ્યું હોય !

કલ્યાણમંદિરમાં શ્લોકે શ્લોકે સ્વકથિતવ્યના સમર્થનમાં જે જે દ્રષ્ટાન્તો આપવામાં આવ્યા છે તે તે દ્રષ્ટાન્તોની સચોટતા તેમજ મનોહરતા અનુપમેય છે. એક દ્રષ્ટાન્ત વાંચીએ અને એક ભૂલીએ. કલ્યાણમંદિરકારની કલ્પના શક્તિ અજબ પ્રકારની છે. દ્રષ્ટાન્તો સાદા અને એટલાં બંધબેસતાં હોય છે કે ઉપરનો અર્થ એની મેળે ખુલી જાય છે. દાખલા તરીકે—

अभ्युद्यतोऽस्मि तव नाथ जडाशयोऽपि, कर्तुं स्तवं लसदसंख्यगुणाकरस्य ।
बालोऽपि किं निज बाहुयुगं वितत्य, विस्तीर्णतां कथयति स्वधियांबुराशेः ॥५॥

કલ્યાણમંદિર.

"કયાં અસંખ્યગુણનિધાન ભગવાન અને કયાં હું મંદમતિ ? મારાથી તે શીરીતે ભગવાનનું ગુણગાન થઈ શકશે ? " એવી મુંઝવણનો કવિ એકદમ સુંદર દ્રષ્ટાન્ત આપીને ખુલાસો કરે છે કે " શું બાળક પોતાના હાથ પહોળા કરીને સમુદ્રનો વિસ્તાર સમજાવવાનો પ્રયાસ કરતો નથી ?" આ કાંઇ જેવી તેવી કલ્પના ન ગણાય !

આથી પણ વધારે સુંદર કલ્પના નીચેના શ્લોકમાં જણાય છે.

हृद्वर्तिनि त्वयि विभो शिथिलीभवन्ति, जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ।
सद्यो भुजंगममया इव मध्यभागमभ्यागते वनशिखंडिनि चंदनस्य ॥ ८ ॥

કલ્યાણમંદિર.

અહિં પણ અન્તરમાં પ્રભુનું વસવું અને તેને લીધે પાપસમુદાયથી પ્રાણીનું મુક્ત થવું-તેની સરખામણી ચંદનના વૃક્ષ ઉપર મોરનું આવીને બેસવું અને કેકાનિનાદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડે સમગ્ર સર્પરૂપ બંધનોથી ઉક્ત વૃક્ષનું મુક્ત થવું—આની સાથે કરવામાં કવિએ કેટલી બુદ્ધિમત્તા તથા કવિત્વ દર્શાવ્યાં છે ?

કેટલેક ઠેકાણે તો કવિ પરમાત્માનેજ પ્રશ્ન પૂછે છે અને પછી બહુ બુદ્ધિપૂર્વક તે પ્રશ્નનું પોતાની મેળેજ નિરાકરણ કરી લે છે. દાખલા તરીકે;—

क्रोधस्त्वया यदि विभो प्रथमं निरस्तो,
ध्वस्तास्तदा बत कथं किल कर्मचौराः ।
प्लोषत्यमुत्र यदि वा शिशिरापि लोके,
नीलद्रुमाणि विपिनानि न किं हिमानि ॥ १३ ॥

કલ્યાણમંદિર.

ક્રોધ વિના શત્રુહનન અસંભવિતજ ગણાય, છતાં શ્રી સર્વજ્ઞ પ્રભુમાં તે કેમ બન્યું ? અહિં કવિની તર્કશક્તિ એકદમ ઉત્તર આપે છે કે "આમાં કાંઇ નવાઇ નથી. શું હિમ ઠંડું છતાં વૃક્ષોને બાળવાને સમર્થ નથી નીવડતું ?"

કોઈ સ્થાને કવિ કોયડાની માફક પ્રશ્ન મૂકે છે અને પછી તેના નિરાકરણમાં કવિ સામાન્ય વસ્તુઓનું પણ બહુ ઉંડું અવલોકન પ્રગટ કરે છે. દાખલા તરીકે:—

त्वं तारको जिन कथं भविनां त एव,
त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः ।
यद्वा दृतिस्तरति यज्जलमेष नून-
मन्तर्गतस्य मरुतः स किलानुभावः ॥ १० ॥

કલ્યાણમંદિર.

સામાન્યતઃ વહાણની અંદર જે **માલ લદાયલો** હોય તે વહાણનો તારક ગણી શકાય નહિ—આ વાત ધ્યાનમાં રાખીને કવિ પૂછે છે કે "હે ભગવન્! સંસારને પાર ઉતારનાર ભવિજીવો તને હૃદયમાં ધારણ કરે છે તો પછી તું તેનો તારક કેમ કહેવાય ?" આ પ્રશ્ન જેટલો વિકટ તેટલોજ તેનો ઉત્તર સુન્દર તેમજ સુક્ષ્માવલોકન પરિણામી છે. કવિ ઉપરોક્ત ગુંચવણનું સમાધાન "પાણીમાં તરતી ચામડાની કોથળીને તરવામાં જેમ તે કોથળીની અંદર રહેલો વાયુ કારણરૂપે છે તેમ અમને સંસાર તરવામાં અમારા અન્તરમાં સ્થિર થયેલ પરમાત્મા કારણરૂપે છે" આ પ્રમાણે કરે છે.

કોઇ કોઇ ઠેકાણે આવીજ વસ્તુસ્થિતિનો કવિ શ્લેષથી ખુલાસો કરે છે. દાખલા તરીકે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अन्तः सदैव जिन यस्य विभाव्यसे त्वं,
भव्यैः कथं तदपि नाशयसे शरीरम् ।
एतत्स्वरुपमथ मध्यविवर्तिनो हि,
यद्विग्रहं प्रशमयन्ति महानुभावाः ॥ १६ ॥

કલ્યાણમંદિર.

અહિં 'વિગ્રહ' શબ્દ ઉપર શ્લેષ છે અને તે શ્લેષ-પ્રયોગને લીધે આખો શ્લોક બહુ મનોહર લાગે છે.

કોઇ કોઈ સ્થળે કલ્યાણમંદિરકાર શ્લેષનો બહુ ઉપયોગ કરે છે અને પરસ્પર વિરોધી કથનોને એક સ્થાને એકત્રિત કરે છે. દાખલા તરીકે:—

विश्वेश्वरोऽपि जनपालक दुर्गतस्त्वम्, किंवाक्षरप्रकृतिरप्यलिपिस्त्वमीश ।
अज्ञानवत्यपि सदैव कथंचिदेव, ज्ञानं त्वयि स्फुरति विश्वविकासहेतुः ॥ ३० ॥

કલ્યાણમંદિર.

અહિં શ્લેષો એટલા બધા વ્યાપક છે કે સંસ્કૃત ભાષાના સારા અભ્યાસ શિવાય આ શ્લોક સમજવો બહુ કઠિન પડે તેમ છે.

શ્લોક ૩૧, ૩૨, તથા ૩૩ મામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ઉપસર્ગોનું વર્ણન આવે છે, અહિં ભાષા ભારે છે, શબ્દચિત્રમયતા પ્રધાનપણે છે, અને તે રીતે પ્રથમના શ્લોકોથી આ શ્લોકો એકદમ જુદા પડી જાય છે.

આઠ પ્રતિહાર્યનું વર્ણન બહુ રસરસ છે તથા તેને લગતી કલ્પનાએ બહુ રમણીય દીસે છે. નિર્જીવ પદાર્થોને પણ દિવ્ય સંદેશ અર્પવાનો કવિનો પ્રયાસ બહુ સ્તુત્ય છે

કલ્યાણમંદિરમાં ખરી મજા તો પાછળના ભાગમાં આવે છે કે જ્યાં પોતે અત્યાર સુધી પ્રભુની અવગણના કરી તે સંબંધી કવિ ખરા અન્તરનો પશ્ચાત્તાપ જણાવે છે. અહિં કવિત્વ દર્શાવવાનું છોડી દે છે, સુઘટિત દૃષ્ટાન્તોની યોજના કરવાનું ભૂલી જાય છે, શ્લેષની વિકટ ઘટનાને તિલાંજલિ આપે છે, અને માત્ર પોતાની આન્તરવેદનાને આગળ ધરે છે. છેલ્લા છેલ્લા શ્લોકોમાં અમુક પ્રકારનો મનમોહક કરૂણરસ વ્યાપી રહેલ છે. "તારા પાદપંકજને પામીને પણ હું જો નમસ્કાર-વિમુખ બનું તો તો પછી-वध्योऽस्मि येन्द्रुवनपावन हा हतोऽस्मि" આ ઉદ્ગારો નીચે કવિનું છુપું રૂદન ભરેલું છે. છેવટે કવિ પરમાત્મા શ્રી જિનેશ્વર ભગવાનનું ભવોભવ શરણ યાચીને વિરમે છે.

આ રીતે કલ્યાણમંદિરની કેટલીક ખુબીઓનું નિરીક્ષણ કીધું. હવે ભક્તામર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફ નજર કરીએ, કેટલાક બન્નેની સરખામણી કરી એક અન્યથી ચઢિયાતું છે એવા નિર્ણય ઉપર આવવા આગ્રહ ધરાવે છે, પણ ખરી રીતે જોઇએ તો આવો આગ્રહ નિરર્થક છે. જે એકમાં છે તે બીજામાં નથી, તેથી કયું કોનાથી ચઢિયાતું છે તેનો સમગ્ર રીતે નિર્ણય થવો અશક્ય છે.

શરૂઆતનો વિભાગ કલ્યાણમંદિરનું અનુકરણ હોઇને આરંભના શ્લોકો કલ્યાણમંદિર જેટલા મનોહર નથી લાગતા; ઉલટું કોઈ કોઇ ઠેકાણે આપેલા દૃષ્ટાન્તો કલ્યાણમંદિરથી બહુ ઉતરતા લાગે છે. આ વાત ઉપર જણાવાઇ ગઈ છે, તેના સમર્થનમાં નીચેનો શ્લોક ટાંકવો ઉચિત લાગે છે.

सोऽहं तथापि तव भक्तिवशान् मुनीश, कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।
प्रीत्यात्मवीर्यमविचार्य मृगो मृगेंद्रम्, नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥५॥

ભક્તામર.

અહિ 'અવિચારિતા' એ સમાન ધર્મ લઈએ તો દૃષ્ટાન્ત બેસતું આવે ખરૂં, પણ મૃગનું મૃગેન્દ્રસામે વૈર તેમજ ક્રોધને લીધે જવાનું બને છે, અને ભક્ત પ્રભુની સ્તુતિ કરવાને તો માત્ર ભક્તિભાવથી પ્રેરાય છે. તેથી મૂળ વસ્તુ અને દૃષ્ટાન્તની ભાવના પરસ્પર વિરોધી બની જાય છે અને દૃષ્ટાન્ત કઢંગુ લાગે છે. આની સાથે કલ્યાણમંદિરનો નીચેનો શ્લોક સરખાવો.

अभ्युद्यतोऽस्मि तव नाथ जडाशयोऽपि, कर्तुं स्तवं लसदसंख्यगुणाकरस्य ।
बालोऽपि किं न निजबाहुयुगं वितत्य, विस्तीर्णतां कथयति स्वधियांबुराशेः ॥

કલ્યાણમંદિર.

આમાં રહેલી કલ્પના કેવી રમણીયતર તથા સુઘટિત છે ?

માનતુંગાચાર્યની કલ્પનાશક્તિ એટલી બધી ફળદ્રુપ નથી. કલ્યાણમંદિર જેવી દૃષ્ટાન્તવિવિધતા કે શ્લેષચાતુર્ય ભક્તામરમાં ભાગ્યેજ નજરે પડે છે. જો માનતુંગાચાર્ય પ્રભુની કે પ્રભુના ગુણોની સરખામણી કરવા બેસે છે તો સૂર્ય, ચંદ્ર, પ્રદીપ કે કમલ સિવાય બીજી ઉપમેય વસ્તુ કે આકર્ષક દૃશ્ય કવિની કૃતિમાં જોવામાં આવતાં નથી. આ દૃષ્ટિબિન્દુએ જોતાં જો કલ્યાણમંદિર ચઢિયાતું લાગે છે તો ભક્તિના આવિર્ભાવરૂપે ભક્તામર ખરેખર અનુપમેય છે. આના સમર્થનમાં વિશેષ લખવા કરતાં નીચેના શ્લોકો ટાંકવા વધારે ઉચિત લાગે છે કે જેથી વાંચકને સ્વયમેવ તેમાં વહેતા ભક્તિસ્રોતનો સાક્ષાત્ અનુભવ થાય.

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्, नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं, प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम् ॥२२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्वामामनन्ति मुनयः परमं पुमांसमादित्यवर्णममलं तमसः परस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं, नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र पन्थाः ॥२३॥
त्वामव्ययं विभुमचिन्त्यमसंख्यमाद्यम्, ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं, ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥
बुद्धस्त्वमेव विबुधार्चित बुद्धिबोधात्, त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात् ।
धाताऽसि धीर शिवमार्गविधेर्विधानात्, व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ॥२५॥
तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ, तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय, तुभ्यं नमो जिन भवोदधिशोषणाय ॥ २६ ॥

આ શ્લોકોમાં આન્તર ઉલ્લાસ કેવો ભરેલો છે? પરમાત્મા શ્રી સર્વજ્ઞ પ્રભુ પ્રત્યે કેવો અનન્ય ભક્તિભાવ કવિએ પ્રદર્શિત કર્યો છે? અન્ય દેવોનો પણ પચ્ચીશમા શ્લોકમાં શ્રી માનતુંગાચાર્ય તીર્થંકરમાં જ સમાવેશ કરી દે છે. ઉપરના શ્લોકો તેમજ પછી આવતા શ્લોકો જાણે કે સ્વયંભૂ સ્ફુરણાના પરિણામો હોય તેમ કવિલેખિનીમાંથી પ્રાદુર્ભાવ પામ્યા છે. પદે પદે ભક્તિ તેમજ આનંદ ઉલ્લસાયમાન થતો દેખાય છે. અન્ત ભાગમાં પ્રભુના ગુણગાનનું ફળ જણાવે છે, ત્યાં પણ અમુક પ્રકારની મસ્તી દેખાય છે.

ભક્તામરની પદરચનામાં પહેલેથી છેલ્લે સુધી જે અસ્ખલિત સંગીત અનુભવાય છે તે કલ્યાણમંદિરમાં નથી. ભક્તામરકાર શબ્દોને હાથમાં રમાડે છે; તેમનો શબ્દપ્રવાહ અન્તરમાં વહેતા ભક્તિપ્રવાહને અનુરૂપ વહે છે. તેમના શબ્દોમાં અમુક પ્રકારનો કિંકિણીનાદ રહેલો છે, તેથી ભક્તામર ગાવામાં કે સાંભળવામાં જે આહ્લાદ અનુભવાય છે તે કલ્યાણમંદિરમાં નથી અનુભવાતો.

આટલી આલોચનાથી સ્પષ્ટ થયું હશે કે જુદા જુદા દષ્ટિબિન્દુએ બન્ને સ્તોત્રો કાવ્યના ઉત્કૃષ્ટ નમુનાઓ છે. કેટલાકની માન્યતા પ્રમાણે બન્ને સ્તોત્રોમાં અને ખાસ કરીને ભક્તામર સ્તોત્રમાં બહુ ગુહ્ય મંત્રો રહેલા છે. જેનો બરોબર સમજીને જાપ કરવામાં આવે તો ઇષ્ટાર્થની સિદ્ધિ થાય છે. આ મારો વિષય નથી, તેમજ મંત્રરહસ્યમાં મને કાંઈ ખબર પડતી નથી, તેથી તે વિષે અત્ર ઉલ્લેખ અશક્ય છે. મંત્રાદિકની કિંવદન્તીથી અનપેક્ષપણે પણ ઉક્ત ઉભય સ્તોત્રો ખરેખર બહુ પ્રાસાદિક છે એ નિઃસંશય છે. આ બન્ને સ્તોત્રો પ્રાતઃસ્મરણીય છે એટલુંજ નહિ પણ ગમે તેવા સંકટના સમયે આ સ્તોત્રોનું મનન પઠન મનને નિર્મળ કરે છે, બુદ્ધિને વિશદ કરે છે તથા પરમાત્મા સાથે આત્માને સદા સંયત રાખે છે.

પરમાનંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सूक्तमुक्तावळी.

(અનુસંધાન.)

## સદ્‌વિવેક પ્રાપ્ત કરવા હિતોપદેશ.

### ૧૪ વિવેક.

હૃદયઘર વિવેકે, પ્રાણી જો દીપ વાસે, સકળ ભવતણો તો, મોહઅંધાર નાસે;
પરમ ધરમ વસ્તુ–તત્ત્વ પ્રત્યક્ષ ભાસે, કરમભર પતંગા, સ્વાંગ તેને વિધંસે. ૩૧
વિકળ નર કહીજે, જે વિવેકે વિહીના, સકળ ગુણભર્યા જે, તે વિવેકે વિલીના;
જિમ સુમતિ પુરોધા,[1] ભૂમિગેહે[2] વસંતે, સુગતિ જુગતિ કીધી, જે વિવેકે ઉગંતે. ૩૨

જો હૃદયરૂપી ઘરમાં વિવેકરૂપી રત્નદીપક જગાવવામાં આવે તો ભવભ્રમણ કરાવનાર–સંસારઅટવીમાં અરહાપરહા અટવાવનાર મોહઅંધકાર ટકી શકે નહિ, અને જે કંઇ અલખ અને અગોચર તત્ત્વ–વસ્તુ નરીઆંખે નજરે આવતી નથી તે પરમતત્ત્વ પ્રત્યક્ષ જોઇ શકાય, તેમજ સમસ્ત કર્મસમૂહ સમૂળગો નષ્ટ થઈ જવા પામે. સદ્‌વિવેક કળા વગર ગમે તેવા અને ગમે તેટલા ગુણવાળો જીવ વિકળ કહેવાય છે અને જેનામાં સદ્‌વિવેક કળા ખીલી રહી છે તે સંપૂર્ણ–ગુણવાન્ લેખાય છે. શાસ્ત્રકાર ઠીકજ કહે છે કેઃ—

"રવિ દૂજો તીજો નયન, અંતર ભાવી પ્રકાશ;
કરો ધંધ સબ પરિહરી, એક વિવેક અભ્યાસ."

તેનો એવો ભાવાર્થ છે કે સદ્‌વિવેક એ એક બીજો અપૂર્વ સૂર્ય અને અપૂર્વ લોચન છે, કેમકે એથી શુદ્ધ પ્રકાશ મેળવી તેવડે અંતર–ઘટમાં જે જે દિવ્ય વસ્તુઓ (સદ્‌ગુણ રત્નો) વિદ્યમાન છે, તેનું યથાર્થ ભાન થાય છે અને તેની દ્રઢ પ્રતીતિ આવે છે. પછી અજ્ઞાન તથા મિથ્યાત્વ અંધકારજનિત ભ્રાન્તિ ટળી જાય છે અને નિર્મળ જ્ઞાન અને શ્રદ્ધારૂપ દિવ્ય નયનયુગલ પ્રગટ થાય છે. એવો અપૂર્વ લાભ સદ્‌વિવેક જાગવાથી મળે છે. માટે શાસ્ત્રકાર કહે છે કે હે ભવ્ય જનો! તમે અન્ય દિશામાં તમારા પુરૂષાર્થનો જે ગેરઉપયોગ કરી ખુવાર થાઓ છો ત્યાંથી નિવર્તીને સદ્‌વિવેક જાગે એવા વિહિતમાર્ગે તમે પુરૂષાર્થ કરો. પરમતત્ત્વ પામેલા શુદ્ધ દેવગુરૂનું શરણ ગ્રહો અને તેમાં એકનિષ્ઠ રહો, તેમનીજ આજ્ઞા અંગીકાર કરો.

## વિદ્યા સંપાદન કરવા વિષે હિતોપદેશ.

### ૧૫ વિદ્યા.

અગમ મતિ પ્રયુંજે, વિદ્યયે કોણ ગંજે, રિપુદળ બળ ભંજે, વિદ્યયે વિશ્વરંજે;

૧ પુરોહિત. ૨ ભોંયરામાં.

For Private And Personal Use Only

ધનથી અખયવિદ્યા, શીખ એણે તમાસે, ગુરૂમુખ ભણી વિદ્યા, દીપિકા જેમ ભાસે. ૩૩
સુરનર સુપ્રશંસે, વિદ્યયે વૈરી નાસે, જગ સુજસ સુવાસે, જેહ વિદ્યા ઉપાસે;
જિણકરી નૃપ રંજ્યો, ભોજ બાણે મયૂરે, જિણકરી કુમરિંદો, રીઝવ્યો હેમસૂરે. ૩૪

જો વિનય ગુણવડે ગુરૂનું દીલ પ્રસન્ન કરીને વિદ્યા મેળવી હોય છે તો તે મેળવેલી વિદ્યા સફળ થાય છે, તેવડે મતિ નિર્મળ થાય છે અને તેથી અગમ વાત પણ સુખે સમજી શકાય એવી સુગમ થઇ પડે છે. સૂક્ષ્મબુદ્ધિના પ્રભાવથી કોઇ પરાભવ કરી શકતું નથી. શત્રુની સેનાનું બળ તેના ઉપર ચાલતું નથી પણ તે ઉલટું નિર્બળ–નકામું થઇ જાય છે. વિદ્યાના બળથી સહુકોઇ રંજિત થઇ પ્રીતા થાય છે. પૈસાનું બળ વિદ્યાના બળ પાસે કંઇ ભિસાતમાં નથી. વિદ્યાનું બળ અખૂટ છે, તેથી પૈસાનો લોભ તજી, મિથ્યા માયાઃમમતા મૂકીને અક્ષય વિદ્યા મેળવવા ઉદ્યમ કરો. જો વિદ્વાન ગુરૂની પાસેથી વિનય સહિત અખૂટ વિદ્યા મેળવશો તો તે તમને ખરેખર માર્ગદર્શક થશે અને અન્ય અનેક જીવોને પણ આલંબનરૂપ થઇ શકશે. વિદ્યાના બળથી દેવતાઓ તથા મનુષ્યો ખુબ પ્રશંસા કરે છે. તેનાથી વૈરીલોકો દૂર ભાગે છે અને આખી આલમમાં તેનો યશ–ડંકો વાગે છે. એવો અતુલ પ્રભાવ, વિદ્યાપ્રાપ્તિનો છે. જુઓ ! એ વિદ્યાના પ્રભાવથીજ બાણ અને મયૂર કવિએ ભોજરાજાને રંજિત કર્યો હતો અને શ્રી હેમચંદ્રસૂરીશ્વરે કુમારપાળ ભૂપાળને રીઝવ્યો હતો અને અનેક પરોપકારનાં કામ કર્યાં–કરાવ્યાં હતાં. તેથીજ શાસ્ત્રકારે વિદ્યાબળને ઘણુંજ વખાણ્યું છે. સર્વ વિદ્યામાં આત્મ–અધ્યાત્મવિદ્યા શિરોમણિભૂત છે. એ વિદ્યાની ઉપાસનાથી અંતે દુઃખમાત્રનો અંત કરી અક્ષય અવ્યાબાધ એવું મોક્ષસુખ મેળવી શકાય છે.

## પરોપકાર કરવા હિતોપદેશ.

### ૧૬ ઉપકાર.

તન ધન તરૂણાઇ, આયુ એ ચંચળા છે, પરહિત કરી લેજે, તાહરો એ સગો છે;
જબ જનમ જરા જ્યાં, લાગશે કંઠ સાહી,[1] કહેને તિણસમે તો, કોણ થાશે સહાઇ. ૩૫
નહિ તરૂ ફળ ખાવે, ના નદી નીર પીવે, જસ ધન પરમાર્થે, સો ભલો જીવ જીવે;
નળ કરણ નરિંદા, વિક્રમા રામ જેવા, પરહિત કરવા જે, ઉદ્યમી દક્ષ તેવા. ૩૬

હે ભવ્યાત્મા ! આ શરીર, લક્ષ્મી, યૌવન અને આયુષ્ય સઘળાં ક્ષણવિનાશી છે, જોત જોતામાં ખુટી જાય એવાં છે તેથી તેમની ઉપર મોહ–મમતા કરી વિશ્વાસ રાખી બેસી રહેવાનું નથી. આ સમયે સઘળી અનુકૂળ સામગ્રી પામ્યો છું તેને સફળ કરી લેવાની છે, તેને એળે ગુમાવી દેવી જોઇતી નથી. ત્હારાથી બની શકે તેટલું

[1] પકડશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરહિત–પરોપકાર કરી લેવા વિલંબ કરીશ નહિ. જ્યારે જરા આવી પહોંચશે અને જાલમ જમનું તેડું આવશે તે વખતે હે ભોળા ! ત્હારી સહાયે કોણ આવશે ? વળી તે વખતે તું શું કરી શકીશ ? અથવા દવ બળે ત્યારે કૂવો ખોદવો શા કામનો ? તે માટે શાસ્ત્રકારે ઠીકજ કહ્યું છે કે–' જ્યાંસુધીમાં જરા આવીને પીડે નહિ, વિવિધ વ્યાધિઓ વધીને ઘેરી લે નહિ અને ઇન્દ્રિયો ક્ષીણ શક્તિવાળી થઈ જાય નહિ ત્યાં સુધીમાં ઓ ભદ્રક ! ત્હારૂં હિત–શ્રેય–કલ્યાણ થાય તેવું–તેટલું કરી લે–ભૂલીશ નહિ.' જો ! આમ્રાદિ વૃક્ષો પોતાની શીતળ છાયા અને અમૃત જેવાં મીઠાં ફળ આપી કેવો–કેટલો લોકોપકાર કરે છે ? તેમજ ગંગા જેવી નદીઓ પોતાનાં નિર્મળ નીર અઢળક રીતે આપી કેટલી પરોણાગત કરે છે ? જેઓ આ માનવદેહાદિક રૂડી સામગ્રી પામીને તન મન અને ધનથી પરમાર્થ સાધે છે–નિઃસ્વાર્થપણે પરહિત કરે છે તેઓજ સ્વજીવન સાર્થક કરે છે. પૂર્વકાળમાં જે જે નળ, કર્ણ, વિક્રમ, રામ અને યુધિષ્ઠર જેવા સાત્ત્વિક પુરૂષો થઇ ગયા છે અને વર્તમાનકાળમાં પણ જે જે પુરૂષો સાત્ત્વિકપણે પ્રાપ્ત સામગ્રીનો સદુપયોગ કરે છે, તેમનાં પવિત્ર ચરિત્રને લક્ષમાં રાખીને જો તુચ્છ સ્વાર્થવૃત્તિને તજી નિઃસ્વાર્થપણે તન મન અને ધનથી પરહિત–પરોપકાર કરવામાં આવે છે તો તેથી સ્વ માનવજીવન સાર્થક કરીને અલૌકિક સુખસમૃદ્ધિને સ્વાધીન કરી અંતે અક્ષય અનંત મોક્ષપદ પમાય છે.

## સદ્ ઉદ્યમ–પુરૂષાર્થ સેવવા માટે હિતોપદેશ.

### ૧૭ ઉદ્યમ.

રયણનિહિ તરીને, ઉદ્યમે લચ્છી[1] આણે, ગુરૂભગતિ ભણીને, ઉદ્યમે શાસ્ત્ર જાણે;
દુઃખસમય સહાઇ, ઉદ્યમે છે ભલાઈ, અતિ અળસ તજીને, ઉદ્યમે લાગ ભાઇ. ૩૭
નૃપશિર નિપતંતી, વીજ ઝાત્કારકારી, ઉદ્યમ કરી સુબુદ્ધિ, મંત્રીએ તે નિવારી;
તિમ નિજસુત કેરી, આવતી દુર્દશાને, ઉદ્યમ કરી નિવારી, જ્ઞાનધર્મ પ્રધાને. ૩૮

ઉદ્યમવંત લોકો હિંમત ધરી યોગ્ય સાધન મેળવી દરીઓ ખેડીને પુષ્કળ લક્ષ્મી કમાઇ લાવે છે. તેમજ ઉદ્યમવંતા શિષ્યો વિનયગુણવડે ગુરૂને પ્રસન્ન કરીને અખુટ શાસ્ત્ર ( જ્ઞાન ) ધન પ્રાપ્ત કરી શકે છે. આપત્તિસમયે ઉદ્યમ એ એક અચ્છો સહાયકારી મિત્ર થાય છે, અને ઉદ્યમવડે આવી પડેલી આપત્તિને ઉલ્લંઘી બીજાનું પણ ભલું કરી શકાય છે, એમ સમજી આપદા આપનારૂં આળસ દૂર કરી નાંખીને એક સુખદાયક એવા ઉદ્યમનોજ આશ્રય લેવો જોઇએ. એ ઉદ્યમવડે જ આપણે ઉદય પામી શકશું. જેમ સુબુદ્ધિ મંત્રીએ બુદ્ધિબળથી વિચારપૂર્વક ઉદ્યમ કરીને પોતાના સ્વામી–રાજા ઉપર આવતી આપદા દૂર કરી હતી અને

1 લક્ષ્મી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનધર્મ પ્રધાને પોતાના પુત્રની ઉપર આવતી દુર્દશાને યોગ્ય ઉદ્યમવડે નિવારી હતી. એથી સહ ઉદ્યમની પ્રધાનતા સિદ્ધ થાય છે. વળી કહ્યું છે કે-'ઉદ્યમેન હિ સિધ્યન્તિ, કાર્યાણિ ન મનોરથૈઃ' ઉદ્યમ કરવાવડેજ ખરેખર કાર્યસિદ્ધ થાય છે, કેવળ મનોરથ કરવા માત્રથી તે સિદ્ધ થતા નથી. કેટલાક આળસુ લોકો બોલે છે કે ભાઇ ! નસીબમાં હશે તોજ અથવા ભાવીભાવ (ભવિતવ્યતા બળવાન્) હશે તોજ કાર્ય બનશે. તેનું સમાધાન એ છે કે ઉદ્યમ કર્યા છતાં ધારેલું ઇષ્ટ કાર્ય થઇ ન શકે તો પછીજ ભવિતવ્યતાને કે નસીબને દોષ દેવો યોગ્ય છે. યોગ્ય (પરિપકવ) કાળ, સ્વભાવ, નિયતિ (ભવિતવ્યતા), પૂર્વકૃત કર્મ અને ઉદ્યમ એ સઘળાં કારણો મળતાં કાર્યની સિદ્ધિ થાય છે, તોપણ તેમાં ઉદ્યમ કરવો આપણે આધીન છે અને બીજાં કારણો જ્ઞાનીગમ્ય છે. ઉદ્યમ કરવાથી બીજાં બધાય કારણો મળ્યાં છે કે કેમ તેની ખાત્રી થઇ શકે છે તેથીજ આપણ છદ્મસ્થને ઉદ્યમ વિશેષે આદરવા યોગ્ય છે. માટેજ કહે છે કે 'Try try and try' એટલે ઉદ્યમ કરો, ઉદ્યમ કરો, ઉદ્યમ કરો. અને 'As you will sow so you will reap' એટલે તમે જેવું વાવશો એવુંજ લણશો. ઇતિશમ્.

સુ૦ ક૦ વિ૦

## आपणा केटलाक सामाजिक सवालो.

### (કોન્ફરન્સની વર્તમાન દશાનાં કારણોની પર્યાલોચના.)

(૪)

સામાજિક સવાલોની વિચારણાને અંગે આપણે ગત પ્રસંગે કોન્ફરન્સની વર્તમાન સ્થિતિનાં બે કારણો તપાસી ગયા. પ્રથમ કારણ કોન્ફરન્સને વિચારક મંડળને બદલે કાર્યગ્રાહી વ્યવસ્થાપક મંડળ બનાવવાની શરૂઆતથી થયેલ યોજના, એ આપણે વિચાર્યું અને બીજું કારણ વિચારસ્વતંત્રતાના જમાનામાં પ્રાચીનસત્તા અને સ્થાપિત હકોને આ નવીન સર્વગ્રાહી બંધારણને અનુરૂપ થતાં લાગેલ આઘાત, પરિણામે કરેલો પ્રત્યાઘાત અને વિચાર દર્શનમાં કોઇ અંશે ગુપ્ત વિરોધીનો આવિર્ભાવ-એ બન્ને સંબંધી કાંઇક ઉહાપોહ કરી ગયા. હવે આપણે એ સંસ્થાની વર્તમાન સ્થિતિ પરત્વે કોઇ બીજું કારણ અથવા કારણો હોય તે પર વધારે વિચાર કરવાનો છે; કારણકે એ અતિ જરૂરી સંસ્થા છે અને ભવિષ્યમાં જે તેના તે અથવા બીજા સ્વાંગમાં જરૂર દેખાવાનીજ છે. કોમના જીવન માટે, ધર્મના ફેલાવા માટે, દર્શનના ઉદ્યોત માટે, વીરના સંદેશા જગતને કહેવા માટે એવી વિચારક સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાની જરૂર છે. તેથી સામાજિક સવાલોના વિચારમાં તેને યોગ્ય અગ્રસ્થાન મળવું જોઇએ, જેથી ભવિષ્યમાં એ અનુભવનો લાભ વધારે સારી રીતે મળે. આપણે તે કાર્ય તેની વિચારણા અને સ્પષ્ટતા સાથે કરવાની બહુ અગત્ય છે અને તેથીજ સામાજિક સવાલોના વિચારમાં એને સ્થાન અપાયું છે. સામાજિક સવાલો અનેક છે અને તેમાંના ઘણા સવાલોપર ત્યારપછી ચર્ચા આગળ ચલાવ્યા કરશું. હાલ તો કોન્ફરન્સની વર્તમાન સ્થિતિનાં કારણોની શોધમાં આપણે પડ્યા છીએ તે કાર્ય આગળ ચલાવીએ.

કોન્ફરન્સના કાર્યવાહકોએ મુદ્દામ કારણોસર પ્રથમથી સાધુઓના સવાલ તરફ ઉપેક્ષા રાખી. સાધુઓની સર્વ બાબતોનું બંધારણ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે હોવાથી તેમના સવાલના સંબંધમાં હાથ ઘાલવાથી ગેરસમજુતી ઉભી થવાનો સંભવ ઘણો હતો અને તેમાં ગચ્છ અને વિભાગોનાં તફાવતો ઘણા હોવાથી એ ચર્ચામાં પડતાં કોમહિતના મૂળ મુદ્દા વિસરી જવાય તેમ જણાયાથી શરૂઆતથી એક ઠરાવ કરવામાં આવ્યો હતો કે કોઇ પણ વકતાએ સાધુ સંબંધી કાંઇ બોલવું નહિ અને સાધુવર્ગપર ટીકા કરવી નહિ. આ નિયમને લગભગ દરેક વકતા માન આપતા આવેલ છે અને તેથી સાધુ સંબંધી કોઇ પણ સવાલનો ઉહાપોહ કોન્ફરન્સે સીધી કે આડકતરી રીતે કર્યો નથી. સાધુઓ પોતાના સંમેલનો કરીને કે બીજી તેમને લગતી યોગ્ય રીતે શાસનહિતના સવાલો હાથ ધરશે એવી તે વખતે માન્યતા હતી અને ત્યાર પછી છુટા છવાયા કાંઇક પ્રયત્નો સાધુસંમેલન માટે થયા પણ ખરા; પણ કેટલાક વ્યવહારિક બંધારણો અને બંધનોને લઇને સાધુપરિષદ્ થઇ શકી નહિ. આથી કોમનું એક અતિ અગત્યનું અંગ પોતાની બાબતમાં અવ્યવસ્થિત સ્થિતિમાં રહી ગયું.

જૈન કોમનું વર્તમાન બંધારણ એવા પ્રકારનું છે કે એના વિકાસમાં સાધુ અને સાધ્વીઓ ઘણો અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે. કોમ ઉપર તેમનો દોર ઘણો મોટો છે અને તે દોરનો બન્ને પ્રકારે ઉપયોગ થઇ શકે છે. સાધુ તરફથી જે વિચાર દર્શાવવામાં આવે તેને કોમનો મોટો ભાગ શિરસાવંદ્ય ગણે છે અને જે માર્ગ બતાવવામાં આવે તે માર્ગે ધર્મબુદ્ધિએ લોકો દોરાય છે. આથી સાધુઓને કોમવિકાસના સવાલોને અંગે વિસારી શકાય તેમ હતું નહિ, છતાં તે વખતે એમ જોવામાં આવ્યું હતું કે વિશાળ નજરે જોતાં નિર્જીવ સવાલો ઉપર તેઓ ચુસ્ત રહેતા હતા અને તેથી તેઓ શાસનહિતના સવાલો બંધારણ પૂર્વક સમજે ત્યાર પછી તેમની સાથે જોડાવું અથવા તેમના નિર્ણયોને અનુસરવું એ વધારે યોગ્ય થઇ પડશે. આ નિર્ણય સાધુઓના માનસિક વિકાસ અને તે વખતના તેમના અંદર અંદરના આંતર વ્યવહારોને તદ્દન અનુરૂપ અને યોગ્ય હતો. સાધુ ઉપરાંત સાધ્વીઓનો સવાલ ઘણો વધારે ગંભીર હતો. તેઓને કોમવિકાસ કે શાસન હિતમાં જાણે લગભગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફેરફાર કરવાનું ન હોય તેવી રીતે તેમનો વ્યવહાર ચાલતો હતો અને અમુક ગણ્યાગાંઠ્યા અપવાદ બાદ કરીએ તો બાકી તેઓ આપણા ગૃહજીવન કે ધર્મજીવન પર વિશિષ્ટ છાપ પાડે અથવા નિયમસર પ્રયત્ન આદરી તે કાર્યને આગળ ચલાવી શકે તેવી સ્થિતિ હતીજ નહિ. રીતસરના બંધારણને અભાવે તેઓ બહુ સામાન્ય વિકાસક્રમ પરજ રહેતા, આ ઉપરાંત સાધુ અને સાધ્વીઓનો આંતર વિકાસ વધારે થાય અને તેઓ સમાજસેવા કે ધર્મસેવા કરી શકે તેવી યોજના અમલમાં મૂકવાનો પ્રયત્ન પણ નહોતો થયો અને થાય તો તેમાં કલ્પવામાં ન આવે તેવી કેટલીક ખ્યાલી અને સાચી મુશ્કેલીઓ જણાયા કરતી હતી, આ સર્વ કારણોને લઈને સાધુ અને સાધ્વીના સવાલનો તેમણે જાતેજ નિર્ણય કરવાની જરૂર જણાયાથી તેમના પ્રશ્નને હાથ ન ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો, આમાં દીર્ઘદૃષ્ટિ અને અર્વાચીનબહુમતપ્રધાન જમાનામાં તેમને સંભવિત કચવાટનાં કારણો દૂર કરવાના હેતુ હતા.

છતાં વિકાસનો એક નિયમ છે કે આખા અંગનો વિકાસ એક સાથે થવો જોઈએ. શરીરનું એક અંગ વિકાસ પામે તેની સાથે જો બાકીના સર્વ અંગો વિકાસ ન પામે તો વિકાસ થતું અંગ આખરે અસલ સ્થિતિએ આવી જાય છે અને તેમાં જો ઝણઝણાટ વધારે થઈ ગયો હોય તો તદ્દન વિકળ પણ થઇ જાય છે. સમાજને આ શારીરિક નિયમ બરાબર લાગુ પડે છે. સમાજનો ઉત્થાન થવાનો હોય અથવા કરવો હોય તો સમાજના પ્રત્યેક અંગનો વિકાસ એક સરખી રીતે અને સાથે થવો અથવા કરવો જોઇએ; અને તેમ ન થાય તો ઘણી ગંભીર પરિસ્થિતિ ઉભી થાય છે અને વિકાસ પામતું અવયવ કદાચ તદ્દન વિકળ થઈ જાય છે અને વધવાને બદલે તદ્દન શૂન્ય બની જાય છે. આપણા ગૃહસંસારનો એક દાખલો લઈએ. અત્યારે અભ્યાસ કરી આગળ વધેલા યુવકોને સમાજસુધારણા, ગૃહવ્યવસ્થા, સંતતિ તરફ ફરજો વિગેરે માટે ઉન્નત ખ્યાલો હોય છે અને સ્વપ્નસૃષ્ટિમાં તેઓ ચર્ચાદ્વારા અનેક યોજનાઓ યોજે છે, ભાષણો કરે છે અને ચાલુ પ્રવાહથી ઊંચા આવવાના ફાંફાં મારે છે, પરંતુ તેમને જે સમાજમાં કામ કરવાનું હોય છે તેનો વિકાસ થયેલો ન હોવાથી, તેમનાં ગૃહજીવનો ઉન્નત થઈ શકેલાં ન હોવાથી, તેમના ઘરનો સ્ત્રીવર્ગ હજુ તેમની સાથે આગળ વધેલો ન હોવાથી આખરે તેમની યોજનાઓ જમીનદોસ્ત થઈ જાય છે, તેમના વિચારો નકામા થાય છે, તેમની ધારણાઓ ધૂળ ભેગી થાય છે; અને પ્રાંતે તમે જોશો તો તેઓ કચવાટ સાથે રૂઢીને તાબે થતાં જોવાય છે અને ઉચ્ચ ઉડ્ડયન કરવાના ગગનમાંથી નીચા આવી સર્વ સાથે એક થઇ જાય છે. સર્વની સાથે તેમને એક થવુંજ પડે છે. પછી તેમના લગ્નાદિ પ્રસંગો, આચાર વ્યવહાર, રીત રિવાજો જોઇએ તો તેમાં માત્ર જરા વ્યવસ્થા સાથે રૂઢીને તાબે થવાની નિર્બળતા જણાઇ આવશે. આ પ્રમાણે થાય તે વસ્તુસ્થિતિને યોગ્ય છે, સમાજ શાસ્ત્રના અભ્યાસીને દીવા જેવું જણાય તેવું છે અને સમાજમાં રહેનાર સર્વ સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને રહી એકલો આકાશમાં વિહાર કરવા નિર્ણય કરે તેને થતી યોગ્ય શિક્ષા છે. આ નિયમ સાર્વત્રિક છે, અને તેના ભોગ થઇ પડતાં અનેકને જોયા છે. સર્વથી જૂદા પડવાનો વિચાર કરનાર કાંતો સમાજથી દૂર થાય છે અથવા તો હાસ્યસ્થાન થઇ પડે છે, તેથી સમાજ સાથે સંવ્યવહાર રાખવાની ઇચ્છાવાળાએ આખા સમાજને દોરવવાની જરૂર છે. સમાજથી સહજ ઉંચા આવવા-આગળ પડવા પ્રયત્ન કરવો તે અનિષ્ટ છે એમ અત્ર કહેવાનો ઉદ્દેશ નથી અને તેમ કરવા વિચારશીળ પુરૂષો યોગ્ય પ્રયાસ કરે પણ છે, પણ અત્ર જે વાતનું પ્રતિપાદન કરવાનું છે તે એ છે કે એવા પ્રયાસ ઘણીવાર નકામા બને છે અથવા ઘણીવાર સામો પ્રત્યાઘાત વહોરી લાવે છે.

સાધુઓ તરફ કોમને ઘણું માન હોવા છતાં તેઓ રીતસરનું બંધારણ કરી શકયા નહિ, સાધ્વીઓની મોટે ભાગે કોમને ઉપયોગી ન થઇ પડે તેવી વ્યવસ્થા રહી અને છતાં સાધુઓનાં વચન ઉપર કોમના મોટા ભાગનો વિશ્વાસ કાયમ રહ્યો. તેમના પ્રમાણિક ઉપદેશના સંબંધમાં શંકાનું સ્થાન ન હોય, પણ કોમીય પ્રશ્નોના નિર્ણય કરવામાં જે ઐતિહાસિક જ્ઞાન, જમાનાની જરૂરીઆત અને આખા વિશ્વના પ્રવાહોને તોળવાની શકિત માટે જે સાધનો મળવાં જોઇએ તેનો કેટલેક અંશે ઘણાખરા સાધુઓ પાસે અભાવ અથવા અલ્પભાવ હોવાથી તેમના પરના વિશ્વાસનો જોઇએ તેવો ઉપયોગ ન થયો. આવી સ્થિતિ ચાલતી હતી તેમાં કેટલાક અપવાદો પણ હતા. કેટલાક દીર્ઘદૃષ્ટાઓ સાધુઓમાંજ હતા જેઓ આ સર્વ બાબતો જોઇ શકતા હતા, તેમને આ બાબત બહુ લાગુ પડતી નથી. તેમના વલણ સંબંધી છેવટે ઉલ્લેખ કરવામાં આવશે. અત્ર જે આલોચના થાય છે તે સાધુવર્ગના મોટા ભાગની થાય છે. વળી અહીં ખુલાસારૂપે જણાવવાની જરૂર છે કે સાધુઓ તરફ મને પરમ પૂજ્યભાવ છે, તેઓના ચારિત્ર ઉપર આ સવાલને સંબંધ નથી, તેઓના સમાજને અંગે વર્તન સંબંધી જે પર્યાલોચના થાય તેને તેમની અંગિત ટીકા ગણવાની ભૂલ ન થવી જોઈએ. આપણો સાધુવર્ગ આખા જગતને વંદનીય છે અને તેને વર્તમાન સ્થિતિને અનુરૂપ કરી દેવાથી તેઓ સ્વામી વિવેકાનંદ કે મહાત્મા ગાંધીને ભૂલાવે તેવા આદર્શ થઇ શકે તેવું છે. અત્યારે જે ચર્ચા ચાલે છે તે તેમના સમાજજીવનને અંગે ચાલે છે. આ સંબંધમાં જરાપણ ગેરસમજુતી થવી ન જોઇએ.

સાધુસાધ્વીથી નવીન ઘટનાને અનુરૂપ સામાજિક પ્રવૃત્તિ કરવાની યોજના થઇ શકી નહિ અને કોન્ફરન્સે સાધુસાધ્વીઓના સવાલના દ્વાર બંધ રાખ્યા તે વખતે એક ન સમજી શકાય તેવી સ્થિતિ ઉભી થઇ. કોન્ફરન્સના પ્રમુખના આગમન વખતે થતી મોટી ધામધુમ અને વરઘોડા અને તેમને મળતું માન જોઇ કેટલોક સાધુવર્ગ ચમકી ગયો, તેઓને તેમાં સાધુ તરફના અભાવની ગંધ આવવા માંડી અને શ્રાદ્ધવર્ગને અણઘટતું માન મળે છે એથી શાસનનું બંધારણ નરમ પડશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો ભાસ થયો. કોંગ્રેસના પ્રેસીડેન્ટને અધિવેશન પ્રસંગે માન મળે છે તે અંગિત માન મળતું નથી, અંગિત હોય એમ માનવાનો કોઇ પ્રેસીડેન્ટે દાવો પણ કર્યો નથી, માત્ર નિયમ જે વિચાર–જે સિદ્ધાન્તને માન આપનાર વર્ગ સ્વીકારે છે તેની તેમાં પૂજા હોય એવો ભાવ વ્યક્ત કરવાનું તે નિદર્શન માત્ર થાય છે અને તે ભાવેજ કોન્ફરન્સના પ્રેસીડેન્ટના આવાગમન વખતે મોટી ધામધુમ તદ્દન યોગ્ય રીતે કરવામાં આવતી હતી તેનો ઉલટો અર્થ થયો અને તે દ્વારા કોન્ફરન્સના આખા બંધારણ ઉપર આક્ષેપો થવા માંડ્યા. સાધુવર્ગનો એક ભાગ આ વસ્તુને તેના આકારમાં સમજતો રહ્યો અને તેમણે કોન્ફરન્સ તરફ સહાનુભૂતિ બતાવવા માંડી અને તેમણે વિચારવિનિયમને અંગે પોતાના વિચારો બતાવવાની તકો હાથ ધરી, મેળાવડામાં હાજર રહી શ્રાવકવર્ગને પોતાના સવાલોપર પર્યાલોચના કરતાં સાંભળી આનંદ બતાવ્યો અને તેમ કરીને નવયુગના વિચારવાતાવરણમાં પોતે હાથ મેળવ્યો, પ્રેમ બતાવ્યો, આલ્હાદ દાખવ્યો. આથી વળી એક ગંભીર સ્થિતિ ઉભી થઇ. અમુક સાધુઓનો વિભાગ કોન્ફરન્સને મળતો છે અને અમુક તેથી પરાઙ્મુખ છે એવો ભાવ લોકોને જણાવા લાગ્યો. આ અતિ ખેદજનક સ્થિતિને પરિણામે સાધુઓ તરફ કોઇ પણ પ્રકારનું વલણ નહિ બતાવવાનો નિર્ણય છતાં કોન્ફરન્સ જેવી વિશાળ યોજના વિનાકારણ ટીકાને પાત્ર થઇ પડી. એક વખત અમુક સંસ્થા તરફ અભાવ થાય તો પછી તેની વય, સ્થિતિ કે સંયોગો તરફ દુર્લક્ષ્ય રાખી ટીકા કરવાના પ્રસંગો શોધાય છે અને ટીકા ખાતરજ ટીકા કરવી હોય તો નિમિત્તો પુષ્કળ મળે છે અથવા શોધી કે ઉપજાવી શકાય છે. કોન્ફરન્સને અંગે કેટલાક આગેવાન સાધુઓએ આવું વલણ બતાવવા માંડ્યું એટલે તેમના ભક્તજનો પણ કોન્ફરન્સની ટીકા કરવા લાગ્યા. કોન્ફરન્સની ટીકા કરવી અથવા તેના દોષો બતાવવા તે આપણા પોતાનાજ દોષો છે, આપણે સર્વ એકઠા મળીએ તેજ કોન્ફરન્સ છે એ વાત ખ્યાલ બહાર ગઇ અને સાચી ખોટી ચર્ચાઓ ચાલવા લાગી. સાધુઓમાંના કોઇએ કોન્ફરન્સની ટીકા કરવાને બદલે તેની વ્યવસ્થામાં યથાયોગ્ય ફેરફાર કરવાની સૂચના કરવાનું કાર્ય કરવાની જરૂરીઆત હતી, ટીકા કરતાં પહેલાં આખા કોમીય બંધારણો કેમ ચાલી શકે, ચલાવવામાં કેટલો વિચાર, ભોગ, અનુભવ અને અભ્યાસની જરૂર પડે છે તે પર લક્ષ્ય આપવાનું હતું અને લક્ષ્ય આપવા સાથે સહાનુભૂતિ બતાવી શ્રાવકશ્રાવિકાના અંગને વિકાસ થવા દેવાની જરૂર હતી, કારણ કે આપણામાં સાધુવર્ગની recruiting ground વર્ગ વધારવાની ભૂમિકા (ભરતી સ્થાન) શ્રાવકશ્રાવિકાનો સમુદાયજ હતો. એ વર્ગના શ્રેયમાં આખા શાસનનો પરિણામે વિકાસ હતો, સર્વ ક્ષેત્રોનો સમાસ તેમાં થઇ જતો હતો, સર્વ ક્ષેત્રોને તેના વિકાસથી જળસિંચન થવાનું હતું, પરંતુ આ સર્વ બાબતો ઉપર લક્ષ્ય ન ગયું અને અવ્યવસ્થિત ટીકાનો ભોગ કોન્ફરન્સ થઇ પડી અને આખો શ્રાવકવર્ગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાંસુધી એકદીલીથી સમાજકાર્ય ન ઉપાડે ત્યાંસુધી કોન્ફરન્સ જેવી સંસ્થા પણ એકદેશીય થઇ જવાનો ભય ઉત્પન્ન થયો. કોન્ફરન્સના જવાબદાર કાર્યવાહકોનો પ્રથમથી એવો સુસ્પષ્ટ અભિપ્રાય હતો કે કોન્ફરન્સને સર્વદેશીય રાખવી, એ નવીન વર્ગનું વાજીત્ર બને અને પ્રાચીન જમાનાને અનુરૂપ ન થાય એવી વલણ તેમણે ધારણજ કરી નહોતી અને તેથી સર્વને એકત્ર રાખવા જવાના પ્રયત્નમાં જે વર્ગ સાધુઓ તરફ અત્યંત પૂજ્યભાવ રાખતો હતો તેમના તરફથી બેદરકારીની શરૂઆત થઇ અને એ બેદરકારી અથવા ઉપેક્ષાવૃત્તિ આખરે અસ્પષ્ટ વિરોધમાં પરિણમી. જરા વધારે અભ્યાસ અથવા જરૂરીઆતનો ખ્યાલ કર્યો હોત તો કોમની સેવાના આ મહાયજ્ઞમાં આવો પ્રત્યવાય કદિ ન આવત; પરંતુ આપણી કોમ માટે પંચમ આરાનો પ્રભાવ બરાબર બનવાનું નિર્મિતજ હોય તેમ વચ્ચે ઉદય થતાં રહ્યા છે તેની કાંઇક શરૂઆતની ઝાંખી કરાવવાની આશા આપનારી સંસ્થા અંદરના કારણોથીજ અનિષ્ટ દશાએ આવી પહોંચી.

સાધુઓમાંના કેટલાકે આ સ્થિતિ જોઇ સમજી વિચારી લીધી અને તે માટે ખેદ બતાવ્યો અને તેઓએ તો કોન્ફરન્સની ભાવી હિતસ્વીતા તરફ લક્ષ્ય રાખી તેનાં યશોગાન ગાયા કર્યાં અને તેમને કેટલાક લોકો અનુસરતા પણ રહ્યા પણ સર્વ સાધુઓ આ બાબતમાં સંમત થયા નહિ. કોઇ કાર્યનું ચણતર કરતી વખતે અનેક સહાયની અપેક્ષા રહે છે, પણ કામ બંધ કરવા માટે અથવા તોડી પાડવા માટે ઘણાની સહાય જોતી નથી, થોડા શક્તિવાળા પુરૂષો પણ તે કાર્ય ઘણી સહેલાઇથી કરી શકે છે. કોન્ફરન્સને તદ્દન તોડી પાડવાનો મુદ્દો અમુક સાધુઓમાં સ્પષ્ટ ન પણ હોય તો પણ પરિણામ તો લગભગ એજ આવ્યું અને એવુંજ આવે એ સમજી શકાય તેવું પણ હતું. અમુક બાબતનો જુસ્સો નરમ પાડી નાંખવામાં આવે અને ઉપેક્ષાવૃત્તિ ઉભી કરવામાં આવે તો કાર્યવાહકોની જે ઇચ્છા એ સંસ્થાને સર્વમાન્ય કરાવવાની હોય તે નાશ પામે અને પછી જે પ્રત્યાઘોષ કોમમાંથી મળવો જોઇએ, જે જવાબ સાર્વજનિક નજરે આપવો જોઇએ તે ન આવે, એટલે બંધારણ શીર્ણવિશીર્ણ થઇ જાય અને શીર્ણવિશીર્ણ બંધારણને આદર્શ બંધારણની નજરે જોતાં ત્રુટી જવાની અણીપર આવેલજ કહેવાય.

આવી ગંભીર પરિસ્થિતિમાંથી બચવાનું કાર્ય હજુ પણ કરી શકાય તેમ છે. નવીન યુગની ધર્મ તરફ વૃત્તિ કેવી છે અને કેવી રહેશે તેનો જો ધર્મદૃષ્ટિએ અને વર્તમાન ઇતિહાસની નજરે વિચાર કર્યો હોય, આપણા નવીન યુવકોનું મનોરાજ્ય ક્યાં અને શા માટે વર્તે છે તેનું અવલોકન કર્યું હોય, ભવિષ્યમાં એ વર્ગજ વધવાનો છે અને ભવિષ્યમાં એજ આપણા નેતાઓ થવાના છે એવી ભાવી સ્થિતિ ઉપર ધ્યાન દોરાયું હોય, "જી" કહીને આશ્ચર્ય બતાવનાર અને "**થારો વચન પ્રમાણ**" કહેનાર વર્ગ ઘટતો જાય છે અને ઘટી જવાનો છે એનું યથાર્થ ભાન થયું હોય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતસર બંધારણ નહિ હોય તો થોડાં વરસોમાં ધર્મ જેવી વસ્તુનું અસ્તિત્વ સંશયાસ્પદ થઇ જશે એમ દીર્ઘ દૃષ્ટિએ સ્પષ્ટ જણાયું હોય તો એ હસ્તામલકવત્ સુસ્પષ્ટ છે કે જમાનાને અનુરૂપ સંસ્થાનો હવે ઉદ્ધાર કરવાની ખાસ જરૂર છે, સાધુઓએ પોતાના કાર્યમાંજ લક્ષ્ય આપવાની જરૂર છે, અને જો સમાજને દોરવાની પોતાની ફરજ તેઓ માનતા હોય તો તેમણે પહેલાં તો સમાજશાસ્ત્ર બરોબર સમજવાની જરૂર છે. જો સમાજના પ્રશ્નોનો નિકાલ કરવામાં પોતાને અભિપ્રાય આપવો હોય તો જેમ સારો બારીસ્ટર મત આપતાં પહેલાં વરસો પર્યંત અભ્યાસ અને અનુભવનો લાભ લઇ પછી અભિપ્રાય આપવાની લાયકાત સમજે છે તેમ અવલોકન અને અભ્યાસ કરવાની જરૂર છે. તે સિવાય અભિપ્રાય આપવામાં માત્ર ધૃષ્ટતાજ થાય છે એમ સમજવું જરૂરી છે. કોમના અગ્રગણ્ય પુરૂષો સહજ ભોગ આપતા હોય તેમને તોડી પાડવાને બદલે તેમને તે કાર્યમાં વિશેષ ઉત્તેજિત કરવાની જરૂર છે અને સર્વથી વધારે જરૂર આપણે વિક્રમના વીશમા સૈકામાં વર્તીએ છીએ તે સ્પષ્ટ રીતે સચોટપણે જાણવાની જરૂર છે.

મને લખતાં અત્યંત ખેદ થાય છે કે વિચારક હોવાનો દાવો કરનારા ઘણા જૈનો વિચાર કરતી વખતે અથવા બતાવતી વખતે વર્તમાન કાળને ભૂલી જાય છે. વિચાર કરતી વખતે માત્ર અમુક આજ્ઞાઓ અથવા રૂઢિને માન આપવું અથવા લક્ષ્યમાં લેવા અને દેશકાળ પરિસ્થિતિને લઇને કરવા જોઇતા ફેરફારને અનુરૂપ યોજના કરવાની મહાન્ આજ્ઞાને વિસારી મૂકવી એ આંખો બંધ કરીને ચાલવા બરોબર છે; અને એ માનસિક પ્રવૃત્તિએ અત્યાર સુધીમાં ઘણી ગેરસમજુતી કરી છે. કોમના વિકાસ માટે આ સ્થિતિમાં મોટો ફેરફાર થવાની જરૂર છે. વિચાર-વિનિમય થાય ત્યારેજ આ દેશકાળની પરિસ્થિતિ સમજી શકાય. નવીન તરંગો કઇ દિશાએ દોડે છે, નવીન અભિલાષાઓ કયા માર્ગમાં સુખે પ્રયાસ કરી શકે છે, એ જાણવા અને સમજવા માટે ઘણા પ્રસંગો અને મેળાપોની જરૂર છે. નવીન અભિલાષાઓ અમુક સંયોગોમાં તો દબાઇજ રહેશે, અમુક પ્રસંગો વ્યક્ત રહેશે, પણ પ્રસંગ મળતાં તે વ્યાક્ત જણાશે. તે સમજવાની–જાણવાની–જોવાની પ્રથક્કરણ કરવાની બહુજ જરૂર છે. આપણો સાધુવર્ગ એ કાર્ય ઉચિત રીતે કરી શકે પણ કરવા માટે તેમને સાધનો અને પ્રસંગો મળવા જોઇએ. પ્રસંગો તેમણે પોતે ઉભા કરવા જોઇએ. જે વેશ તેમણે પહેર્યો છે તેની ખાતર તેમણે ભાવી યુગની અભિલાષાઓ સમજવા યત્ન કરવા જોઇએ. અને જોઇતાં સાધનો તેમણે ભકત શ્રાવકો પાસેથી એકઠા કરવાં જોઇએ. એમ કરવામાં ગફલતી થશે તો નવીન વર્ગ હજુ પણ વધારે દૂર થતો જશે, આંતરો વધતો જશે, અને કોમ અમુક હદ સુધી નાશને માર્ગે ઉતરી ગયા પછી તેનું ઉત્થાન–તે થવાની આશા આકાશકુસુમવત્ અર્થાત શૂન્ય થઇ જશે. કોન્ફરન્સની વર્તમાન દશાનું એક કારણ સાધુવર્ગ તરફની ઉપેક્ષાવૃત્તિ

For Private And Personal Use Only

અને તેને પરિણામે થતી ખેદજનક સ્થિતિ છે એ પર અત્ર વિચાર બતાવ્યો છે એમાં સર્વ સાધુઓનો સમાવેશ થાય છે એમ સમજવાનું કારણ નથી. સાધ્વીઓનો તો અત્ર નામનિર્દેશજ કરેલ છે તેઓ કોમવિકાસને અંગે કાંઇ વિચાર કરી શકી હોય તે માટે મને તો મોટી શંકા છે, અને તેમને પોતાનેજ હજુ પોતાના વર્ગ માટે ઘણું કરવાનું છે એ વાત પણ લક્ષ્યમાં રાખવાની છે. સાધુઓએ પોતાના વર્ગ માટે પણ ઘણું કરવાનું છે અને યોગ્ય યોજના થાય તો શ્રાવકવર્ગ ધન અથવા અન્ય સાધનોની સહાય-સગવડ કરી આપવા નિરંતર ઉદ્યુક્તજ છે અને રહેશે એમ જણાવવાની જરૂર નથી. અત્ર જે બાબત વારંવાર ભાર મૂકીને અને પુનરાવર્તન કરીને જણાવવા યોગ્ય લાગે છે તે એ છે કે અત્યારે આપણે એવા સંક્રાન્તિ કાળમાંથી પસાર થઇએ છીએ કે જો સંભાળપૂર્વક કોમના સુકાનને હાથ ધરવામાં આવે તોજ કોમ ધારેલ માર્ગે જઇ શકવાનો સહજ પણ સંભવ છે, અસ્તવ્યસ્તપણે કામ ચાલશે તો પછી શું સ્થિતિ થશે અને ક્યાં ઘસડાઇ જશું તે કાંઈ કહી શકાતું નથી. કોન્ફરન્સ જેવી સંસ્થાની આપણે જે સ્થિતિ કરી છે તે વિચારતાં આપણે મહાન્ કામ હાથ ધરવા પહેલાં તે માટેની યોગ્યતા મેળવવા માટે પ્રયાસ કરવાની સ્થિતિમાં હજુ હોઇએ તેમ જણાય છે. કોન્ફરન્સની વર્તમાન સ્થિતિનાં કારણોની સામાજિક સવાલોની વિચારણા કરતાં પર્યાલોચના કરી, હજુ પણ નાનાં નાનાં કારણો તપાસવો જરૂરી છે તે આવતા અંકમા ટુંકામાં જણાવી વિષયની આ બાજુ પૂર્ણ કરવાની ધારણા છે, ત્યારપછી અન્ય અનેક ઉપયોગી સામાજિક સવાલોપર વિચાર ચલાવવા અને તે દ્વારા ચર્ચા ઉપસ્થિત કરવા ધારણા છે.

અહીં બતાવેલા વિચારો ચર્ચા માટેજ છે. એ વિચારોજ સર્વથા સત્ય છે એમ કહેવું એ ધૃષ્ટતા છે. જૈનબંધુઓમાંનો વિચારકવર્ગ આ ચર્ચા જરૂર ઉપાડી લેશે અને તે ચર્ચા દરમ્યાન અંગિત ટીકા કે આક્ષેપથી દૂર રહેશે એટલી ખાસ વિજ્ઞપ્તિ છે. ચર્ચામાં અંગિત તત્ત્વ આમેજ થતાં વાત ખોટો આકાર લે છે અને કામ થતું નથી એ બાબત ખાસ લક્ષ્યમાં રાખવાની છે. જ્યાં કચવાટ થાય ત્યાં પછી નકામો ખેદ થાય છે અને પરિણામ શૂન્યમાં આવે છે. આ સ્થિતિ ન આવી પડે તે પર ખાસ લક્ષ્ય આપી અત્ર જણાવેલા વિચારોની યોગ્યાયોગ્યતાનો નિર્ણય કરવાના કાર્યમાં સુજ્ઞ વિચારક બંધુઓ ઉદ્યુકત બનશે એવી આશા છે.

મો. ગિ. કાપડીઆ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન પૃષ્ટ ૩૧૮ થી )

## તંબોળ વિધિ.

શ્રાવક જમીને ઉઠ્યા પછી પાનસોપારી વિગેરે મુખવાસના પદાર્થો તંબોળ તરીકે વાપરે. તેમાં સચિત્તના ત્યાગી શ્રાવકને તો પાન કે બેધડીની અંદર ભાંગેલું સોપારી ખપે નહીં. છુટા માણસને પણ પાન બહુ સાવચેતીથી ખાવા યોગ્ય છે. પાનને સતત પાણી ભીંજેલા રાખવાથી તેના પર લીલ બાઝે છે, એટલે તે ખાતાં અનંતકાયભક્ષણનું દૂષણ લાગે છે. કવચિત્ ત્રસ જીવોની પણ ઉત્પત્તિ થાય છે. પાન સડેલ કે કહોવાયેલ હોય તો પણ તેને ખાનારા તેટલો ભાગ કાઢી નાખી ખાતાં અચકાતા નથી. કવચિત્ પ્રાણહારી જંતુ પણ તેના ડીંટના મૂળમાં ઉત્પન્ન થાય છે, તેથી પાન ખાવામાં અનેક પ્રકારની સાવચેતી રાખવા યોગ્ય છે.

સોપારી પણ આખું-બે કકડા કરી અંદરનો ભાગ તપાસ્યા વિનાનું ખાવા લાયક નથી. સોપારીની અંદર પણ ફુગી વળેલી નીકળે છે. કવચિત્ ઝીણા ત્રસ જીવ પણ નીકળે છે માટે તે ખાતાં સાવચેતી રાખવી.

તંબોળ એવું ખાવું જોઇએ કે જે અતિ બળવંત હોય, શરીરનો વાન સુધારે એવું હોય, સબળ, સવીર્ય ને પીત્ત કરે તેવું હોય, જેથી કફ ને વાયુ શમે તેમ હોય, વળી સ્વર સુધરે, અગ્નિ દીપે, મુખ સુગંધી થાય અને મુખનો મેલ નષ્ટ થાય તેવું હોય.

તંબોળ પ્રભાતમાં ખાવાથી શરીર લાલ કસુંબા જેવું થાય છે, જમ્યા પછી ખાવાથી અન્ન પચે છે, થાકેલા માણસે ખાવાથી થાક ઉતરે છે, વમન થયા પછી ખાવામાં આવે તો વમનથી થતો દોષ ઉત્પન્ન થતા નથી, એટલે તેમને ખાવા યોગ્ય છે.

જેને શરીરે કાંઈ વાગ્યું હોય, આંખ દુઃખતી હોય, મદિરાપાન કર્યું હોય કે વિષ ખાધું હોય તેને પાન વર્જ્ય છે.

તંબોળ ( પાન ) કાથો, ચૂનો, સોપારી, કેસર, કપૂર, લવિંગ, એલચી અને શીનીકબાબ વિગેરે પદાર્થો સહિત ખાવા યોગ્ય છે. તેવી રીતે ખાવાથી શરીરનો વાન સુધરે છે, ઘરમાં લક્ષ્મીનો વાસ થાય છે અને તેવું તંબોળ ખાવા ખવરાવવાથી ઘરની મહત્વતામાં વૃદ્ધિ થાય છે.

પાનની અણી ખાવાથી વિરોધ ઉત્પન્ન થાય છે, મધ્યની નસ ખાવાથી લક્ષ્મીની હાનિ થાય છે, ડીંટ ખાવાથી આયુ ઘટે છે અને રાત્રે મોઢામાં રાખીને સુવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખરોગ થાય છે. તેથી પાન આખું ખાવું નહીં તેમ તેની નસો રાખીને પણ ખાવું નહીં.

રાત્રિએ મુખમાં તંબોળ રાખવું નહીં, કપાળમાં તિલક રાખવું નહીં, પુષ્પના ગુચ્છ કે હાર વિગેરે પાસે રાખવા નહીં અને સ્રીની શય્યામાં સુવું નહીં. પાન મોઢામાં રાખીને સુવાથી બુદ્ધિનો નાશ થાય છે, તિલક રાખવાથી આયુ ઘટે છે, પુષ્પના પદાર્થો પાસે રાખવાથી સર્પનો ભય રહે છે અને સ્ત્રી સાથે એક શય્યામાં સુવાથી શરીરનું બળ નાશ પામે છે. આ પ્રમાણે સમજીને જે પ્રાણી વિવેકપૂર્વક પૂર્વોક્ત પદાર્થોનો ઉપયોગ કરે છે તે પ્રાણી બહોળા સુખનું ભાજન થાય છે. જગતમાં વિવેકજ એક શ્રેષ્ટ છે, વિવેક તેજ ધર્મ છે, વિવેક વિના કોઈ જગ્યાએ શ્રેય (કલ્યાણ) થતું નથી.

હવે ક્ષૌર, સ્નાન તથા વસ્ત્ર ધારણ સંબંધી વિધિ કહેવામાં આવશે.

## स्फुट नोंध अने चर्चा.

આ અંકની સાથે આ માસિકનું ચાલતું ૩૪ મું વર્ષ સંપૂર્ણ થાય છે. જૈન કોમમાં કેટલાક અગત્યના પ્રશ્નો ચર્ચવા, કેટલાક પ્રશ્નો ઉપર અમારો અંગત અભિપ્રાય દર્શાવવા એક વર્ષથી ઉપરનાં મથાળાં નીચે નાનાં લખાણો લખવાનું અમોએ શરૂ કરેલ છે; અને યથાશક્તિ યથામતિ અમોએ કેટલીક બાબતો ઉપર અમારો અભિપ્રાય દર્શાવ્યો છે, કેટલીક નવીન બાબતો અમારા વાંચકોનાં લક્ષ્યમાં લાવવા અમોએ પ્રયત્ન કર્યો છે. જૈન કોમમાં ખરી ચર્ચા શું ? તેનું સ્વરૂપ કેવું હોઈ શકે ? તે બાબતનું જ્ઞાન યથાર્થ નહિ હોવાથી આ મથાળા નીચે લખાતી વ્યાજબી બાબતોને આક્ષેપ રૂપે માની લઇ અમારા ઉપર અંગિત આક્ષેપો કરવાનો કોઈ કોઈ દિશાએ પ્રયાસ થયો છે, પણ તે બાબતો નિર્માલ્ય જેવી, અંગત, અને ચર્ચાના સામાન્ય નિયમોની હદ ઉલ્લંઘીને લખાયેલ હોવાથી તેની કાંઇ પણ નોંધ લેવી અમને યોગ્ય જણાયેલ નથી. આ માસિકને અંગે આ વર્ષથી, કેટલાક નવીન ફેરફારો કરવાનો અને આ માસિકને વધારે આકર્ષક બનાવવાનો અમારો ઇરાદો હતો, પણ લડાઈ બંધ થયાને પાંચ માસ થયા છતાં છાપખાનાનાં કોઇપણ સાધનો હજુ સોંઘા થયેલ નહિ હોવાથી તેવી સ્થિતિ ન થાય ત્યાં સુધી તેવી બાબતો મુલતવી રાખવાની અમને ફરજ પડી છે. નવીન વર્ષમાં પણ અમારો આ પ્રયાસ ચાલુજ રાખવાનો અમારો ઇરાદો છે, કે જેથી જૈન કોમને નવીન નવીન વિચારો જણાવવાનું અમારાથી બની શકે.

* * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસંત પંચમીના શુભ દિવસે વયોવૃદ્ધ **પન્યાસજી શ્રી સિદ્ધિવિજયજીને** આચાર્ય શ્રી વિજયકમળ સૂરિશ્વરજીએ મોકલેલ વાસક્ષેપથી પં. શ્રી દાનવિજયજીના હસ્તથી મ્હેસાણા ગામમાં ચતુર્વિધ સંઘના મોટા મેળાવડા સમક્ષ આચાર્ય પદવી આપવામાં આવી છે. યોગ્યને યોગ્ય માન મળે-યોગ્ય પદવીથી તેઓ વિભૂષિત થાય તે જોઈ સર્વને બહુ આનંદ થાય છે. આ વૃદ્ધ મહાત્મા દાદા શ્રી મણિવિજયજીના શિષ્ય છે, અને સં. ૧૯૩૪ ની શાલમાં તેમણે દીક્ષા અંગીકાર કરેલ છે. આચાર્ય પદવી અવસરે ચાલીશ વરસનો દીક્ષા પર્યાય અને ચોસઠ વરસ લગભગની તેમની ઉમર છે. તે મહાત્મા તપસ્યા કરવામાં બહુ શૂરવીર છે. સં. ૧૯૫૭ ની સાલથી પ્રતિ વર્ષ ચોમાસામાં ચોમાસી તપ કરે છે. આ ઉપરાંત વર્ષી તપ, વીશ સ્થાનકની ઓળી વિગેરે ઘણી તપસ્યાઓ તે મુનિ મહાત્માએ કરેલી છે. વળી ૮૨-૮૨ દિવસ સુધી મૌનાવસ્થામાં રહી વિવિધ તપસ્યાપૂર્વક સૂરિમંત્રનું પણ તેમણે આરાધન કરેલ છે. આચાર્ય પદવી પ્રદાન સમયે મ્હેસાણામાં બહુ મ્હોટો ઉત્સવ કરવામાં આવ્યો છે, અને અમદાવાદ વિગેરેના ઘણા સદ્ગૃહસ્થોએ તેમાં ભાગ લીધો છે. આચાર્ય પદવી સાથે દીક્ષા મહોત્સવ અને ઉપધાન સંબંધી માળારોપણ પણ કરવામાં આવેલ છે. આવા વયોવૃદ્ધ, તપસ્વી મુનિમહારાજ ગચ્છાધિપતિ થાય-આચાર્ય પદવીથી વિભૂષિત થાય તે આનંદજનક બીના છે. અમો તે મહાત્માને સહર્ષ અભિનંદન આપીએ છીએ, અને મ્હેસાણા શ્રી સંઘે જે યોગ્યતા તેમનામાં જોઇ છે તે યોગ્યતા ભવિષ્યમાં વિશેષ વિશેષ પ્રકટાવશે, અને જૈન ધર્મ ઉપર નવીન અજવાળું પાડવા તેઓ પ્રયત્નવાન થશે એવી આશા રાખીએ છીએ.

* * * * *

આ આચાર્ય પદવી પ્રદાન સમયે એક પત્રકારે તેના પત્રમાં છાપ્યું છે કે '**આચાર્ય પદનો વધતો જતો વ્યાધિ.**' જાણે કે આચાર્ય પદવી અપાય તે એક જાતનો વ્યાધિ, માન દશા સૂચવતો હોય તેમ તે લેખકનો આશય છે. તે બંધુ આ અવસરને અસાધ્ય વ્યાધિ તરીકે ઓળખાવે છે. જેઓ વયોવૃદ્ધ, તપોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, ચારિત્રવૃદ્ધ, ક્રિયાપાત્ર અને રૂચિવંતા હોય તેવા સર્વ મહાત્માઓ આચાર્ય પદવીથી વિભૂષિત થાય તેમાં શાસનને શું હાનિ થાય છે તેની અમોને તો ખબર પડતી નથી. કદાચ દરેક સાધુ પણ આવા ઉત્તમ ગુણોથી વિભૂષિત થઇ આચાર્ય પદવી મેળવવાને લાયક થાય, જૈન સંઘ તેવી યોગ્યતા તેમના દરેકમાં જુએ તો તે ઓર વધારે આનંદ પામવાનું નિમિત્ત છે. જૈન કોમમાં કેળવણી વધે, તેના પ્રત્યેક યુવક માનવંતી ગ્રેજ્યુએટની પદવી ધરાવનાર થાય, જૈન કોમના દરેક વ્યાપારી ઉત્તમ કાર્યોથી સરકારમાં અને લોકોમાં લાયક ગણાય તે જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છવા લાયક છે તેવીજ રીતે દરેક મુનિમહાત્મા પણ જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ, વિગેરે ગુણોથી વિભૂષિત થાય અને જૈન કોમ અથવા જૈન સંઘ તેવા પાત્રો માટે તેમને સર્ટીફીકેટ આપવાનું જે ઉત્તમ સાધન તેમની પાસે છે તે સાધન વાપરે તે આનંદ પામવાનું નિમિત્ત છે, તેવો અમારો અભિપ્રાય છે. કોઇ મહાનુભાવને એમ લાગતું હશે કે કદાચ આ પ્રમાણે બધા મુનિ મહારાજાઓ આચાર્ય પદવી ધારણ કરશે, તો પછી તેમની વૈયાવચ્ચ કરનાર કોણ રહેશે ? તેમની આવી ચિંતા ખોટી છે. સૃષ્ટિનો ક્રમજ એવો નથી. દરેક માણુસ જેમ ધનવાન થઇ શકતો નથી અને પાલખી ઉપાડનારની જેમ ખોટ પડતીજ નથી તેમ આ બાબતમાં પણ તેવી શંકા અસ્થાને છે. આચાર્ય પદવીધર વધારે થવાથી જૈન કોમ તથા જૈન ધર્મ પ્રત્યેની ફરજ સમજનારા વધશે, અને ભવિષ્યમાં જૈન કોમનો ઉદયજ થશે તેવી અમારી તો સત્ય માન્યતા છે.

* * * * *

શીહોર પાલીતાણા વચ્ચે અત્યાર સુધી એકજ ટ્રેન દોડતી હતી, તેથી યાત્રાળુઓને બહુ અગવડ ભોગવવી પડતી હતી. ફેબ્રુઆરી તા. ૧૫ મીથી ભાવનગર સ્ટેટ રેલવે તરફથી એકને બદલે બે ટ્રેનો હવે દોડાવવામાં આવશે તેવો પ્રબંધ થયો છે. યાત્રાળુઓને હવે શીહોર સ્ટેશને વધારે પડ્યું રહેવું નહિ પડે. યાત્રાળુઓ આ ટ્રેનનો જેમ બને તેમ વધારે પ્રમાણમાં લાભ લેશે તેવી આશા છે.

* * * * *

જૈનોનાં વ્રતો-તપસ્યાઓ કેટલી ઉપયોગી છે, આરોગ્યવર્ધક છે, માનસિક ઉન્નતિ કરનાર છે તે બાબતમાં અમો અમારા વાંચક બંધુઓનું લક્ષ્ય ખેંચ્યાજ કરીએ છીએ. રસનાઇંદ્રિયની લાલસા બહુ બુરી છે. તેને વશ થયેલ પ્રાણી સ્થળ, પાત્ર, વસ્તુ કશું તપાસતા નથી. રસનેંદ્રિયમાં ગૃદ્ધ થયેલ પ્રાણી માછલાની માફક આમરણાંત કષ્ટ સહન કરે છે તો પણ તે લાલસા છુટતી નથી. ઘણા આજારી મનુષ્યોને ફક્ત કરી ન પાળવાનાજ કારણથી મરણ શરણ થતા દેખીએ છીએ. આમ હોવા છતાં પણ મનુષ્યો રસનાઇંદ્રિયની લાલસા છોડતા નથી તે નવાઇ જેવું છે. જેવી રીતે ભોજન જમતાં ઉણા રહેવાથી, તથા અમુક આંતરે ખોરાકનો ત્યાગ કરવાથી પ્રાણીઓ આરોગ્યવૃદ્ધિ સાથે મનઃસંયમ અને તપોવૃદ્ધિ કરી શકે છે, તેવીજ રીતે બાહ્ય તપસ્યાનો ત્રીજો પ્રકાર પણ તેટલોજ ઉપયોગી-આદરવા લાયક છે. આ ત્રીજો પ્રકાર તે વૃત્તિસંક્ષેપ છે. દુનિયામાં બનતી દરેક વસ્તુ ભોગ્ય છે તેવી માનસિક વૃત્તિને ત્યજી દેવી તે આ નિયમનો ખાસ ઉદ્દેશ છે. આ પ્રમાણે ત્યાજ્ય વૃત્તિ સ્વીકારવાથી મંદવાડના સમયમાં કે કોઇ પણ પ્રસંગે હેરાન થવાનો પ્રસંગ આવતો નથી. રસનેંદ્રિયની વૃદ્ધિમાં આખો દિવસ તલ્લીન રહેતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



... ઓછી થાય છે, તેમાંથી પાછી હઠે છે. મનુષ્યે અમુક દ્રવ્ય ખાવાં, અમુક ત્યજવાં, તેવો નિયમ જીંદગીભર ખાસ સાચવવાની જરૂર છે. આવા નિયમથી મન ઉપર કાબુ આવે છે, રસનેંદ્રિય ભટકતી ઓછી થાય છે, અને જે કાંઇ પણ ભોજન સમયે ખાવાનું પ્રાપ્ત થાય તેનાથી નિર્વાહ ચલાવી શકાય છે. ખાવા માટે જીવન, કે જીવન માટે ખાવાનું ? આ પ્રશ્ન પ્રત્યેક ડાહ્યા માણસે વિચારવા જેવો છે. આ જીવન ખાવા માટે નથી, પણ જીવનના નિર્વાહ માટે ઉદરપૂર્ત્તિ જરૂરની છે, અને તે માટે આ ત્રીજો નિયમ ખાસ ઉપયોગી—આદરવા લાયક છે. જે મનુષ્યો રસનેંદ્રિયમાં લુબ્ધ હોય છે તેનું આત્મિક કાર્યો તરફ લક્ષ્ય ઓછું ખેંચાય છે, માટે જેમ બને તેમ ઓછી વસ્તુઓથી ચલાવતાં શીખવું, વૃત્તિનો સંકોચ કરવો તે અવશ્ય આદરવા લાયક ઉપયોગી ગુણ છે. જૈન ધર્મના આવા આવા નિયમો સાંસારિક અને ધાર્મિક બંને અપેક્ષાએ બહુ અગત્યના હોવાથી જીવનનિર્વાહમાં જેમ બને તેમ વધારે ધ્યાને અમલમાં મૂકવા અમે અમારા વાંચક બંધુઓને ભલામણ કરીએ છીએ.

* * * * *

વૃત્તિ સંક્ષેપનો નિયમ ન હોવાને અંગે આ જમાનામાં રસગૃદ્ધિ કેટલી વધતી જાય છે, ભક્ષ્યાભક્ષ્ય—પેયાપેયની નિરંકુશતા કેટલી વધતી જાય છે તે વિચારવા જેવું છે. જાણે કે ગમે તે ખાવામાં અને ગમે તે પીવામાં—તેમજ ગમે ત્યારે ખાવામાં કે ગમે ત્યારે પીવામાં કોઇ જાતનો વાંધો છેજ નહિ, હાલના જમાનામાં તે બાબત વિચારવા જેવીજ નથી તેમ હાલના ઉછરતા યુવકોમાં વિચારો ફેલાતા જાય છે. એક બંધુ અમને તેના પત્રમાં લખે છે કેઃ—" શું ખાવું અને શું ન ખાવું એનો વિચાર કે તકરાર કરવાના દિવસો ગયા છે. એથી વધારે કિંમતનું કામ આપણી સમક્ષ પડેલું છે. જો કાંઇ શક્તિ હોય તો વધારે ઉચ્ચ કર્તવ્ય માટે તે શા સારૂ ન વાપરવી ? જીવનની કિંમત ખાવાથી આંકવાની ભૂલ સુશિક્ષિત માણસોમાં નજ સંભવે. " આ જમાનાનું પ્રત્યક્ષ દર્શન કરાવનારા આ વિચારો છે, ખાવા પીવાની અત્યંત ગૃદ્ધિ સૂચવનારા છે. જાણે કે ખાવા પીવાની બાબતનો વિચાર કરવો તેમાં કેટલોક સમય વ્યર્થ વહી જતો હોય તથા તેવી વાતચીત તે નકામા ટાહ્યલારૂપ હોય તેવું દેખાડનારા આ વિચારો છે. રસગૃદ્ધિથી, પેયાપેય કે ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કર્યા વગર ગમે તે ખાઇને રહેનારથી કદિ ઉદય થશે ખરો ? ઉદયમાં—કોમના ઉદયમાં પણ ધર્મની પહેલી જરૂર છે. તે વગર સર્વ નકામું છે. અંતે 'ધર્મે જય' છે. ખાવા પીવાની બાબત ઉપર ઉપરથી સાધારણ જણાય છે, પણ તે બહુ ગંભીર છે. ખાનપાનને લગતા શાસ્ત્રોક્ત નિયમોનું પાલન મનઃસંયમના ધોરી રસ્તા તરફ દોરી જનાર છે, આત્મિક ઉન્નતિ કરનાર છે, અને મનઃસંયમની સાધના સાધ્યા વગર કોઇ નિરંકુશી માણસ ઉપરથી અભ્યુદય કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનો ડોળ દેખાડે તો તે બાહ્યાડંબરજ છે. સચ્ચારિત્રવાન્ સંયમી વગર કોમનો કે [illegible] ર્મનો કદિપણ સાચો અભ્યુદય થવાનો નથી. ખાવા-પીવાની બાબતનો વિચાર [illegible] અન્ય કાર્યો કરતાં ઓછી કિંમતવાળો જણાય તે પણ આ જમાનાનીજ ખુબી છે. [illegible] તે સાથે એક વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે તેવા વિચારમાં સમયનો વ્યય કરવો પડતોજ નથી. માનસિક નિર્બળતા ન હોય તો ખાવા-પીવાની બાબત શાસ્ત્રોક્ત નિયમો ઉપર સ્વતઃજ દોરાય છે. જેને કરવું છે તેને કોઇ જાતનો બાધ, સમયવ્યય કે શકિતક્ષીણતા દેખાતીજ નથી. ન કરવાનાં બધાં બ્હાનાં છે. ધર્મ [illegible] ચવીને પ્રત્યેક કાર્ય કરવું તે અશિક્ષિત અને ખાસ કરીને સુશિક્ષિતની ફરજ છે. ધર્મ વગર કોમના અભ્યુદયની વાતો તે નકામાં બણગાં ફુંકવા જેવી છે તેમ અમારો આધીન મત છે.

*       *       *       *       *

સ્ત્રીઓની સ્વતંત્રતા કેવી રીતે વધે ? તેવી જાતના વિચારો આ જમાનામાં વધારે ફેલાય છે; પણ સ્ત્રીઓ સ્વતંત્ર થઇ પુરૂષો સાથે ભેળાય ત્યારે જો અનીતિને ઉત્તેજન મળે તો ઘણાં નિંદ્ય કાર્યો થવા સંભવ રહે છે. આ બાબત ઉપર લક્ષ્ય ખેંચતાં અમદાવાદમાં પ્રકટ થતા માસિક ' સેવક ' ના તંત્રી એક ઉપયોગી નોંધ લખે છે. સેવાના પ્રકારો વર્ણવતાં તે બંધુ લખે છે કે-" અમારૂં છઠું કડવું વચન એ છે કે આપણા સમાજમાં સ્ત્રીપુરૂષોના વ્યવહાર દિનપરદિન વધુ અને વધુ સેળભેળ થતા જાય છે. આ બાબતમાં સુધારાવાળાઓના થતા શુભ પ્રયત્નો પ્રશંસાપાત્ર તો છે. સ્ત્રીસમાજની સેવા કરવી એ અત્યારે અતિ આવશ્યક પણ છે, સ્ત્રીઓનાં કષ્ટો દૂર થવાંજ જોઇએ; પણ જો **સેવાને બહાને સ્ત્રીલંપટતા** વધેલી [illegible] **હોય તો તો સ્ત્રીપુરૂષો વચ્ચેનો ખપ પૂરતો મર્યાદા કોટ ઉલ્લંઘવામાં** [illegible] **નથી.** સ્ત્રીસમાજને બંદીખાનામાં ગોંધી રાખવો એ જેમ અનિષ્ટ છે, તેવીજ રીતે **વિષયી આલમ માટે બજારમાં સ્ત્રીઓનાં પ્રદર્શન ભરવાં એ** પણ અનુ**ચિત છે.** પ્રાચીન કાળમાં સ્ત્રીપુરૂષો વચ્ચે મર્યાદાબંધન નહોતું એ વાત [illegible] માનીએ તોપણ તે કાળ તરફ દૃષ્ટિ કરવી ઘટે છે. તે કાળ ભારતના અવિકારી, આનંદી અને ઈશ્વરી તેજથી પૂર્ણ પ્રકાશતી દૈવી બાળવયનો હતો. અત્યારનો [illegible] વિકારી, આનંદહીન અને અંધારામાં ગોથાં ખાતી પશુવૃત્તિવાળી યુવાનીનો છે; [illegible] તેથીજ જ્યાંસુધી સેવા કરવાની દૃષ્ટિ અતિ પવિત્ર બની ન હોય અને પરસ્ત્રીને માતા કે બહેન તરીકે ગણવામાં આવતી ન હોય ત્યાંસુધી તેનાથી પૂર્ણ રીતે સ્ત્રીસેવા ન થાય ( ખપ પૂરતી પ્રસંગવશાત્ થાય ) એવો સેવારાજ્યનો કડક કાયદો હોવો જોઇએ. ખરૂં કહેવામાં આવે તો જો પુરૂષવર્ગની વર્તણુક સાફ નિષ્કપટી, વિકારહીન અને નિઃસ્વાર્થી બને તોજ સ્ત્રીઓનો ઉદ્ધાર તેજ પળેથાય; માટે પુરૂષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ગના સેવકે પરાઈ સ્ત્રીઓની સાથે અતિ છુટવાળો વ્યવહાર ન રાખવો, પણ તેમના પ્રત્યે અતિશય પૂજ્ય અને માનદૃષ્ટિ તો સદાકાળ રાખવી. સ્ત્રીને દેવીતુલ્ય ગણવી, સ્ત્રીઓની સેવા કરવાના અનેક પ્રસંગો પ્રાપ્ત થાય તો તેવી સેવા ઘણા આનંદ અને ઉલટથી કરવી, પણ પોતાનું પાક શરીર અને પાક નૈયત કદી નાપાક ન થાય અને તે માટે ભારે સાવધાનતા રાખવી. સેવાસદનનાં બેન ઉર્મિલા જેવાં રત્નોને વિષયી અને સ્વાર્થી કીચડમાં રગદોળી સમાજની થાપણ ઝુંટવી લેવાનો અવસર ન આવે એ પર ખાસ લક્ષ્ય આપવું. સમાજની મિલકતને હાથ લગાડવો નહિ." સેવા કરવા ઇચ્છતા બંધુઓએ કેવા પવિત્ર ભાવ રાખવાની જરૂર છે, તે વગર કેવા ગોટાળા ઉભા થવાનો સંભવ છે, અને પવિત્ર હૃદય વગર કોઇ કોઇ સ્થળે કેવા ગોટાળા વળે છે તે બાબત તરફ આ લખાણ પૂરતું લક્ષ્ય ખેંચે છે. સમાજસેવામાં પવિત્ર ભાવનાની પ્રથમ જરૂરીઆત છે; અને ત્યારેજ ખરી સેવા થઇ શકે છે.

* * * * *

જૈન કોમમાં કેળવણી વધારે ફેલાય તે બાબતમાં જેમ જેમ વધારે પ્રયત્ન થશે તેમ તેમ કોમનો ઉદય સત્વર થવાની વધુ આશા રહે છે. કેટલીક વખત મદદના અભાવે અને ઉચ્ચ કેળવણીનો ખર્ચ વધારે થતો હોવાથી સાધનના અભાવે કેટલાક યુવકોને અભ્યાસ છોડી દેવાની જરૂર પડે છે. સાધનસંપન્ન માણસોએ અને તેવી સંસ્થાઓએ પણ એ બાબતમાં ધ્યાન આપવાની જરૂર છે. કોમના યુવાનો અને તેમાં પણ કેળવાયેલા યુવાનો તેજ કોમની ખરી દોલત છે, અને તેવી દોલત જેમ જેમ સમૃદ્ધ હશે તેમ તેમ કોમનો વિશેષ અભ્યુદય થવાનો. સાધન વિના અભ્યાસ છોડી દેનારા યુવકોને સાધન પૂરા પાડવા અને તે માટે યોગ્ય બંદોબસ્ત કરવા રા. નરોતમ બી. શાહે જૈન કોન્ફરન્સને અંગે ચાલતી જૈન એજ્યુકેશન બોર્ડનું લક્ષ્ય ખેંચ્યું હતું. તે ઉપરથી તા. ૧૯–૧–૧૯ના રોજ તે બોર્ડની મળેલી મીટીંગમાં આ પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો છેઃ–" મુંબઇ યુનીવર્સીટી સાથે જોડાયેલી હાઈસ્કુલોનું લીસ્ટ મેળવી તે દરેકના હેડમાસ્તર ઉપર એક વિનંતિપત્ર મોકલી આપવું કે જે જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક વિદ્યાર્થીને અભ્યાસ અર્થે મદદની જરૂર હોય તેમણે સર્ટીફીકેટ સાથેની અરજી આ બોર્ડના સેક્રેટરી તરફ મોકલી આપવી, અને આ ઠરાવની મી૦ શાહને ખબર આપવી." ઉચ્ચ કેળવણી માટે સાધન જેમને જોઇતા હોય તેમણે એજ્યુકેશન બોર્ડના સેક્રેટરી તરફ લખી મોકલવાથી તેમને જોઇતાં સાધનો પૂરા પાડવામાં આવશે; જેમને જરૂર હોય તેમણે બોર્ડના આ ઠરાવનો અવશ્ય લાભ લેવો.

For Private And Personal Use Only